Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

# મહાવીર નિર્વાણનું અઢીહજારમું મંગલવર્ષ




दंसणमूलो धम्मो

# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૬૧


## આપણે છીએ - વીરપ્રભુના વારસ

અહા, અતીન્દ્રિયસુખથી ભરેલા અગાધ ચૈતન્યનિધાન જેમની પાસે ખુલ્લા હતા એવા વીરનાથ ભગવાનના આપણે વારસ છીએ...પ્રભુજીએ તે અગાધ ચૈતન્યનિધાન આપણને પણ સોંપ્યા છે; પ્રભુના વંશમાં થયેલા વીતરાગી સંતોએ ચૈતન્યનિધાન ખોલવાની ચાવી આપણને આપી છે. અહા, શ્રીગુરુપ્રતાપે આ કાળે આવા અગાધ ચૈતન્યનિધાનની પ્રાપ્તિ પ્રભુ વીરનાથના માર્ગમાં આપણને થાય છે.

'બાપ એવા બેટા' હોય છે તેમ આપણે પણ પરમ ધર્મપિતા વીરપ્રભુનો વારસો લેવા માટે વીર થઈને આત્માને સાધવાનો છે. આત્મસાધક વીર સ્વાનુભૂતિવડે વીરનાથનો વીતરાગી વારસો લ્યે છે. અહા, ધનભાગ્ય છે કે આપણે વીરપ્રભુના વારસ છીએ. જય મહાવીર


તંત્રી : **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** * સંપાદક : **બ્ર. હરિલાલ જૈન**

વીર સં. ૨૫૦૦, કારતક ( લવાજમ : **ચાર રૂપિયા** ) વર્ષ **૩૧** : અંક **૧**

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# શ્રી મહાવીર નિર્વાણના અઢીહજારમા મંગલ વર્ષે

## સિદ્ધભગવાનના સમાચાર

અઢીહજારવર્ષ પહેલાં સિદ્ધાલયમાં સીધાવેલા મહાવીરનાથનો સંદેશ છે કે શરીર અને રાગ વગરનું ચૈતન્યજીવન તે જ જીવનું સાચું આનંદમય જીવન છે. રાગનો અનુભવ તે જીવનું જીવન નથી, રાગનો અનુભવ તે આત્મા નથી, એ તો અનાત્મભાવ છે, ભાવમરણ છે, ચૈતન્યનું આનંદમય જીવન તેમાં હણાય છે. ભેદજ્ઞાનવડે રાગથી ભિન્ન, ઇન્દ્રિયોથી ભિન્ન, અતીન્દ્રિય ચૈતન્યવસ્તુની અનુભૂતિરૂપ જીવન તે જ આત્માનું સાચું જીવન છે, તે સાચો આત્મા છે; તેમાં જન્મ-મરણનાં દુઃખનો અભાવ છે; તે ચૈતન્યજીવન આનંદથી ભરેલું છે. ભાઈ ! જૈન થઈને તું એકવાર આવું વીતરાગી જીવન જીવતાં શીખ. તને મહા આનંદ થશે. વીતરાગી સંતો અને અરિહંતો-સિદ્ધો આવું વીતરાગ ચૈતન્યજીવન જીવે છે. તે જ સાચું જીવન છે.

**ચેતન-જીવન સાચું...ચેતન જીવન...જીવી જાણે છે સંતો સાચું જીવન...**

**સુતાં રે જાગતાં ઊઠતાં બેસતાં...હૈડે રહે છે એનું ખૂબ રટન...**

અહો, અતીન્દ્રિય ચૈતન્યના અનુભવથી સંતો અદ્ભુત જીવન જીવે છે, તે જ સાચું જીવન છે. રાગથી ભિન્ન ચૈતન્યજીવન ધર્મીના અંતરમાંથી એકક્ષણ પણ ખસતું નથી.

જીવ તો જ્ઞાન-આનંદમય સત્તા છે, તે પોતાની ચૈતન્યસત્તાથી જીવન જીવનારો છે, તેનું જીવન કાંઈ ઇંદ્રિય કે મનના આધારે નથી. આવા આત્માને ઓળખીને ચૈતન્યના આશ્રયે જે જ્ઞાન-આનંદમય અતીન્દ્રિયભાવ પ્રગટ્યો તે જ જીવનું સાચું જીવન છે. આવું જીવન ધર્મી જીવે છે ને જગતને પણ તેવા જ જીવનનો ઉપદેશ આપે છે.-આવું જીવન જીવવું તે મહાવીરનો સંદેશ છે. જે જીવનમાં આત્માની શાંતિ આવે ને જેના ફળમાં મોક્ષ થાય, તે જ સાચું જીવન છે. અન્ન-વસ્ત્ર કે શરીરને આધીન જીવવું એ કાંઈ સાચું જીવન નથી. સિદ્ધભગવંતો શરીર વગર જ સાચું સુખી જીવન જીવી રહ્યા છે.

આવું અતીન્દ્રિય આનંદમય ચૈતન્યજીવન અમે જીવીએ છીએ, અને તમે પણ એવું આનંદમય ચૈતન્યજીવન જીવો-એમ સિદ્ધપ્રભુના સમાચાર છે. -जय महावीर

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૫૦૦
કારતક
Nov. 1973

# વીરનાથના મોક્ષગમનની મંગલ દીપાવલી

## ૨૫૦૦ અઢી હજારમા વર્ષનો મંગલ પ્રારંભ

આસો વદ અમાસે ભગવાન શ્રી વીરનાથપ્રભુના મોક્ષગમનનું અઢીહજારમું ( ૨૫૦૦ મું ) વર્ષ બેઠું. અભૂતપૂર્વ સિદ્ધદશાને પામીને પ્રભુ મુક્ત થયા. અનંતસુખની પ્રાપ્તિરૂપ સિદ્ધિ, અને દુ:ખથી-સંસારથી સર્વથા છૂટકારારૂપ મુક્તિ, આવી દશા પ્રભુ આ દિવસે પામ્યા; તેનું સ્મરણ કરવાનો આ દિવસ છે. ગૌતમ સ્વામી આ દિવસે જ કેવળજ્ઞાન પામીને અરિહંત થયા; અને સુધર્મસ્વામી આ દિવસે જ શ્રુતકેવળી થયા. દેહાતીત થઈને સિદ્ધભગવાન એમ પ્રસિદ્ધ કરી રહ્યા છે કે અહો જીવો ! સંયોગ અને શરીર વગર જ દેહાતીત ચૈતન્યભાવથી આત્મા પોતે જ સ્વયં સુખી છે...અતીન્દ્રિય આનંદરૂપ આત્મા પોતે છે.-આવા અતીન્દ્રિય જ્ઞાન-આનંદ સ્વરૂપ આત્માને ઓળખતાં, પોતે અતીન્દ્રિય જ્ઞાનરૂપ થઈને આનંદનો સ્વાદ આવે છે; -આ વીરનાથનો માર્ગ છે. આવો માર્ગ જયવંત છે.

મોક્ષના અઢી હજારમા વર્ષના મંગલ-પ્રારંભે દિવાળીની બોણી તરીકે ગુરુદેવે એ સિદ્ધપદના પરમ મહિમાપૂર્વક કહ્યું કે અહો ! આજે મહાવીરપ્રભુના મોક્ષગમનનું ૨૫૦૦ મું વર્ષ બેઠું. અત્યારે આવો ચોક્ખો વીરમાર્ગ પામીને, સમ્યગ્દર્શન વડે ૨+૫ ( સાત ) પ્રકૃતિના ક્ષયનો પ્રારંભ કરી દીધો તે મંગળ છે. સાત પ્રકૃતિ ( ૨+૫ ) તેના શૂન્ય ( ૦૦ ) નો પ્રારંભ કરવો, એટલે કે સમ્યક્ત્વની એવી અપ્રતિહત આરાધના કરવી-કે જેમાં વચ્ચે ભંગ પડયા વગર ક્ષાયિકસમ્યક્ત્વ થશે,-તે ભગવાનના મોક્ષકલ્યાણકની સાચી ઉજવણી છે; તે અપૂર્વ આનંદમય મંગળ છે. સાધકજીવ સમ્યક્ત્વના અખંડ દીવડા પ્રગટાવીને દિવાળીનો મહોત્સવ કરે છે. આવી આરાધના શરૂ થઈ તેના ફળમાં મોક્ષ થશે.

# ગુરુદેવે આપેલ - બેસતાવર્ષની બોણી

## ‘અહો, સમકિતરૂપી સોનાનો સૂરજ ઊગ્યો !’

**બેસતા વર્ષના મંગલપ્રભાતે ચૈતન્યની અત્યંત પ્રસન્નતાપૂર્વક વહેલી સવારમાં ગુરુદેવે નવ દેવતાને યાદ કરીને, આનંદઝરતી જે ઉત્તમ બોણી આપી તે ‘આત્મધર્મ’ દ્વારા આપને પહોંચાડતાં આનંદ થાય છે. -સં.**

બેસતા વર્ષના સુપ્રભાતમાં ગુરુદેવે મંગલ તરીકે સૌ પ્રથમ નવ દેવોને યાદ કર્યાં –અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જિનાલય, જિનચૈત્ય, જિનવાણી અને જિનધર્મ–એ નવ દેવ છે. એ નવે વીતરાગસ્વરૂપ છે, વીતરાગતાના પ્રતિપાદક છે. અને વીતરાગભાવ વડે જ તેમની સાચી ઓળખાણ થાય છે.

આત્માનો સ્વભાવ અતીન્દ્રિયજ્ઞાન છે; અતીન્દ્રિયજ્ઞાન વડે જાણવાનો તેનો સ્વભાવ છે, તેમજ તે પોતે અતીન્દ્રિયજ્ઞાનથી જ જણાય છે; આ રીતે અતીન્દ્રિય (સ્વસંવેદન–પ્રત્યક્ષ) જ્ઞાનપૂર્વક જ અરિહંત–સિદ્ધ–જિનવાણી વગેરેનું સાચું જ્ઞાન થાય છે.–એ વાત પ્રવચનસારની ૧૭૨ ગાથામાં ઘણી સરસ કહી છે; ગુરુદેવ તેનો વારંવાર ઉલ્લેખ કરે છે ને તેનું રહસ્ય મુમુક્ષુજીવે ખાસ સમજવા યોગ્ય છે.

એવી જ રીતે સમયસારની ૪૭ શક્તિમાંથી ૧૨ મી પ્રકાશશક્તિનો ઉલ્લેખ કરીને વારંવાર કહે છે કે સ્વસંવેદન–પ્રત્યક્ષ થવાનો આત્માનો સ્વભાવ છે. સાધકના મતિ–શ્રુતજ્ઞાનમાં પણ સ્વસંવેદન–પ્રત્યક્ષથી આત્માને જાણવાની તાકાત છે. અહો, આવું સ્વસંવેદન થયું તે પણ અશરીરી છે, અતીન્દ્રિય–આનંદસહિત છે, ને તે વીરપ્રભુનો માર્ગ છે.

અહો, વીરપ્રભુના મોક્ષનું આ અઢીહજારમું વર્ષ છે; ભગવાનનો માર્ગ તો વીતરાગભાવમાં છે. પ્રભુનો વીતરાગમાર્ગ જયવંત છે. આવા માર્ગને ઓળખીને સમ્યગ્દર્શનની એવી અપ્રતિહત આરાધના કરવી કે, અત્યારે ક્ષાયોપશમિક હોવા છતાં વચ્ચે ભંગ પડયા વગર ક્ષાયિકસમ્યક્ત્વ થાય. આ રીતે ક્ષાયિક સાથે જોડણીવાળું સમ્યક્ત્વ તે પણ ક્ષાયિક જેવું જ છે;–‘એ વાત ભગવાનની વાણીમાં આવેલી છે.’ (–પૂ. બેનશ્રીના જાતિસ્મરણમાં). આવી આરાધના તે સુપ્રભાત છે.

મિથ્યાત્વના અંધારાનો નાશ કરીને ચૈતન્યનો જે સમ્યક્ત્વ–પ્રકાશ ખીલ્યો તે અપૂર્વ મંગલ સુપ્રભાત છે. 'અહો! સમકિતરૂપી સોનાનો સૂરજ ઊગ્યો! '

અહો, અમૃતસ્વરૂપ સચ્ચિદાનંદ વિજ્ઞાનઘન આત્મા છે; તે આનંદનો મોટો મહેરામણ છે. 'અમૃત' એટલે એક તો મરે નહિ, કદી નાશ ન થાય એવો આત્મા છે, અને બીજું આનંદના મીઠા સ્વાદરૂપ અમૃત, તેનાથી આત્મા ભરેલો છે. આવા પરમ અમૃતસ્વરૂપ આત્મા છે. ને શરીર તો મૃતક–જડ કલેવર છે, તેનાથી વિજ્ઞાનઘન આત્મા જુદો છે. આવા આત્માને દ્રષ્ટિમાં લેતાં ઝરમર–ઝરમર અમૃતધારા વરસે છે.–આ સુપ્રભાત છે. સમ્યગ્દર્શન તે સુપ્રભાત છે, અને કેવળજ્ઞાન તે સર્વોત્કૃષ્ટ સુપ્રભાત છે. આ સુપ્રભાત જગતને મંગળરૂપ છે.


સમ્યગ્દર્શન થયું ત્યાં આત્મા સાક્ષાત્ થયો; ત્યાં ધર્મી જાણે છે કે મારી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વગેરે સમસ્ત પર્યાયોમાં મારો આત્મા જ તન્મય છે; સમ્યક્ત્વાદિ પર્યાયોમાં ધ્યેયપણે આત્મા જ બિરાજે છે, આત્મા જ તન્મય થઇને તે પર્યાયરૂપે પરિણમ્યો છે. અનંતગુણનો ચૈતન્યપિંડ જે પ્રતીતમાં આવ્યો તે સમ્યગ્દર્શનપર્યાય પોતે ચૈતન્યપિંડ છે. શુદ્ધપર્યાયને પણ ચૈતન્યપિંડ કહ્યો છે.

આ રીતે મંગલ પ્રભાતમાં નવ દેવને યાદ કર્યા, અને સ્વસંવેદનપ્રત્યક્ષ આનંદ–અમૃતથી ભરેલા ભગવાન ચૈતન્યદેવને યાદ કર્યા, તે મંગળ છે; તેની રુચિ–જ્ઞાન – અનુભૂતિ કરવા તે ચૈતન્યનું અપૂર્વ સુપ્રભાત છે.

**[ હવે આપ વાંચશો-બેસતા વર્ષની બોણીરૂપ સુપ્રભાત-મંગલનું પ્રવચન ]**

## ઝરમર ઝરમર આનંદઝરતું સુપ્રભાત

બેસતા વર્ષના મંગલપ્રભાતે ચૈતન્યની અત્યંત પ્રસન્નતાપૂર્વક વહેલી સવારમાં ગુરુદેવે નવ દેવતાને યાદ કરીને જે ઉત્તમ બોણી મુમુક્ષુઓને આપી, તે હમણાં આપે વાંચી...વાંચીને પ્રસન્નતા થઈ. ત્યારપછી પ્રવચનમાં સમયસારનો સુપ્રભાત–કળશ (૨૬૮ મો) વાંચતાં ચૈતન્યના આનંદની મીઠી ઝરમર વરસાવતાં ગુરુદેવે કહ્યું કે–



આત્મા જ્ઞાનાનંદસ્વભાવ છે તેના સ્વસંવેદનથી જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં

મિથ્યાત્વરાત્રિનો નાશ કરીને મંગલ આનંદપ્રભાત ખીલ્યું. અને પછી કેવળજ્ઞાન થતાં તો આનંદનું મહા સુપ્રભાત ખીલ્યું; ચૈતન્યતત્ત્વ પર્યાયમાં ચકચકાટ કરતું ખીલી નીકળ્યું. જેમ ફૂલઝરમાંથી તેજના તણખા ઝરમર ઝરે છે તેમ સમ્યક્ત્વની ચીનગારી વડે ચૈતન્યપિંડમાંથી આનંદનો રસ ઝરઝર ઝરે છે. લૌકિકમાં દિવાળીના દિવસે દારૂના ફટાકડા ફોડે છે તેના અવાજથી તો અનેક જીવો મરી જાય છે (ને તેમાં તો પાપ લાગે છે), પણ અહીં આત્માની દિવાળીમાં (પર્યાયને અંતરમાં વાળીને) અંતર્મુખ થઈને ચૈતન્યચીનગારી મુકતાં જે સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાનનો ફટાકડો ફૂટયો તે તો મિથ્યાત્વાદિને ફોડીને અંદરથી ચૈતન્યને જીવતો–જાગતો કરીને આનંદ પમાડે છે. આ જ સાચી અહિંસક દિવાળી છે. આત્મામાં આવી વીતરાગદશારૂપ આનંદમય વર્ષ બેઠું તેમાં ચૈતન્યનો સોનેરી–સૂર્ય ખીલ્યો ને સુપ્રભાત પ્રગટયું, તેનો હવે કદી અસ્ત નહિ થાય.

અહો, સમ્યક્ત્વના સોનેરી સૂરજથી ઝગઝગતો આત્મા શોભે છે, તે જ સાચું સુપ્રભાત છે. એમાં જ્ઞાનચક્ષુ ઊઘડયા તે ફરીને કદી બીડાશે નહિ. આ તો વીતરાગી જિનવાણીના અમોઘ બાણ છે, એ બાણ જેને લાગ્યા તેનો મોહ છેદાઈ જાય ને અંદરથી આનંદમય ભગવાન પ્રગટે.

**સદ્‌ગુરુએ માર્યા શબ્દનાં બાણ રે...**
**અંદરથી ખીલ્યો ચૈતન્ય ભગવાન.**

અહો, જૈનસંતોની વાણી વીતરાગતા–પોષક છે, તે રાગની એકતાને તોડીને, ચૈતન્યના પાતાળમાં પેસી જાય છે ને અંદરથી આનંદની ગંગા ઊછાળીને બહાર પર્યાયમાં આનંદની રેલમછેલ કરી દે છે. વાહ રે વાહ! વીતરાગી સંતોની વાણી! આવી વીતરાગી–જિનવાણીને પણ નવ દેવોમાં ગણી છે; તે પૂજ્ય છે.

વીતરાગવાણી ચૈતન્યપિંડ આત્માને પ્રકાશે છે. ચૈતન્યનું જ્ઞાન એકલું નથી હોતું, તેની સાથે અતીન્દ્રિયઆનંદ વગેરે અનંત ભાવો હોય છે. આવું આનંદઝરતું સુપ્રભાત ધર્મીના અંતરમાં ઊગ્યું તે સ્યાદ્‌વાદથી લસલસાટ કરે છે, અને ચૈતન્યના અપાર મહિમાથી ભરેલું છે. આત્માનો આનંદરસ એવો અદ્‌ભુત છે કે એકવાર તે આનંદરસ પીધો ત્યાં મોક્ષનું વર્ષ બેઠું, મોક્ષનું પ્રભાત તેને ખીલ્યું; તે અલ્પકાળે મોક્ષ પામીને સાદિ–અનંત સિદ્ધપણે બિરાજશે.

સાધક કહે છે કે અહો, ચૈતન્યનો આવો અદ્‌ભુત સ્વભાવ મારામાં ઉદયરૂપ

થયો છે, તો પછી હવે બીજા ભાવોથી (બંધ–મોક્ષના વિકલ્પોથી) મારે શું કામ છે? આનંદમય આ ચૈતન્યપ્રકાશ મને સદાય સ્ફુરાયમાન રહો.

આગમ એટલે અક્ષરજ્ઞાન, તે આત્માના અક્ષર–અક્ષય આનંદસ્વરૂપને દેખાડે છે. એવા અક્ષય આત્માનું જ્ઞાન તે ભાવઆગમ છે. ભાવઆગમ એટલે અતીન્દ્રિય આત્માનું જ્ઞાન; તેમાં આનંદ ઝરે છે. આનંદ વગરનું જ્ઞાન કદી હોય નહિ. આત્માનું જે જ્ઞાન થયું તે જ્ઞાનપ્રભાત આનંદથી ભરેલું છે. આવું આનંદમય સુપ્રભાત જગતમાં મંગળરૂપ છે.

સ્વભાવ–પ્રભાનો પુંજ આત્મા ચૈતન્યકિરણોથી શોભે છે. મતિ–શ્રુતજ્ઞાનાદિ અનેક નિર્મળપર્યાયો આત્માની એકતાને ખંડિત કરતી નથી પણ તે તો આત્માના એકત્વસ્વભાવને અભિનંદે છે. અનિત્યપર્યાયો નિત્યસ્વભાવને અભિનંદે છે,–તેની સન્મુખ થઈને તેમાં તન્મય થાય છે. ત્યાં ચૈતન્યસૂર્ય આત્મા સદાય ઉદયમાન છે. અનંત જ્ઞાનાદિ ચતુષ્ટયથી ભરેલા સ્વભાવમાં દ્રષ્ટિ કરતાં સમ્યક્ત્વ–સુપ્રભાત ઊગ્યું તે મંગળ છે, અને કેવળજ્ઞાન તે સર્વોત્કૃષ્ટ મંગલ સુપ્રભાત છે.

**બેસતા વર્ષની મંગલ બોણીરૂપે ગુરુદેવે સુહસ્તે મુમુક્ષુઓને ‘સમાધિતંત્ર’ આપ્યું...અહો! જાણે પરમ વાત્સલ્યથી ગુરુદેવે સમ્યક્ બોધિસહિત સમાધિના જ આશીર્વાદ આપ્યા. 卐**

કેવળજ્ઞાન–સુપ્રભાત જગતમાં સત્પુરુષોને વંદ્ય છે અને જગતને મંગળરૂપ છે. અંતર્મુખ થઈને શુદ્ધ ચૈતન્યતત્ત્વની ભાવનાથી મોહને નિર્મૂળ કરીને સમસ્ત રાગ–દ્વેષનો ક્ષય કરતાં સર્વોત્કૃષ્ટ જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે, તેનો અત્યંત મહિમા કરતાં શ્રી પદ્મપ્રભસ્વામી નિયમસારમાં (કળશ ૨૦માં) કહે છે કે અહો, ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદ્ય છે, જગતને મંગળરૂપ છે.

–આવું સુપ્રભાત કેમ પ્રગટે?–કે જ્ઞાન જ ઉપાય છે ને જ્ઞાન જ ઉપેય છે, –મોક્ષમાર્ગ અને મોક્ષ બંને જ્ઞાનમય જ છે, તેમાં બીજો કોઈ રાગ–વિકલ્પ નથી. આવા જ્ઞાનમાત્ર ભાવને ઓળખીને તેનો જે આશ્રય કરે છે તેને, અનાદિસંસારથી અલબ્ધ એવી ચૈતન્યની સાધકભૂમિકા પ્રાપ્ત થાય છે, એટલે કે અનાદિથી કદી નહિ

ખીલેલું એવું સમ્યક્ત્વાદિ સુપ્રભાત તેને ખીલે છે, ને પછી તેના ફળમાં સાધ્ય એવા કેવળજ્ઞાનરૂપ આનંદપ્રભાત ખીલે છે. આ પ્રભાત અપૂર્વ છે; 'સોના સમો રે સૂરજ ઊગ્યો' એમ લોકો મંગળપ્રસંગે કહે છે, અહીં તો આત્મામાં આનંદથી ઝગમગતો સમ્યક્ત્વસૂર્ય ઊગ્યો તે સાચું સુપ્રભાત છે. સૂરજ તો સવારે ઊગીને સાંજે આથમી જાય છે, પણ આ ચૈતન્યસૂર્ય ઊગ્યો તે કદી અસ્ત થાય નહિ. અખંડ ચૈતન્યતત્ત્વમાં જે નિધાન ભર્યા છે તેમાંથી પ્રગટેલી અનંત જ્ઞાન-દર્શન-આનંદ-વીર્યરૂપ અવસ્થા કદી અસ્ત થતી નથી.

જેમ હજાર પાંખડીનું કમળ ખીલે, કે ઝરમર મેઘ વરસે, તેમ ચૈતન્યના આનંદસરોવરમાં દ્રષ્ટિ કરીને એકાગ્ર થતાં અનંત ગુણની પાંખડીથી ચૈતન્યકમળ ખીલી ઉઠયું ને ઝરમર-ઝરમર આનંદ વરસવા લાગ્યો. અહા, આવા આત્માનો પ્રેમ કરવો ને પર્યાયમાં તેને પ્રગટ કરવો તે સંતોની અપૂર્વ બોણી ( પ્રસાદી ) છે.

સમ્યગ્દર્શન પણ ચૈતન્યપિંડ છે, કેવળજ્ઞાન પણ ચૈતન્યપિંડ છે; તે બંને સુપ્રભાત છે. સુપ્રભાત થતાં આત્માના અનંતગુણો આનંદસહિત ખીલી ઉઠયા, તેમાં અત્યંત મધુર ચૈતન્યસ્વાદ છે.

બાપુ! તું અતીન્દ્રિયઆનંદથી ભરેલો ભગવાન છો. તું ખાલી નથી, અનંત ગુણનિધાનથી ભરેલો છો. પૂર્વે આત્માને ભૂલીને દયાદિ શુભરાગ પણ કર્યો પણ તેનાથી કાંઈ આનંદનું સુપ્રભાત તારા આત્મામાં ખીલ્યું નહિ, તારા અજ્ઞાનઅંધારા મટયા નહિ, ને તારા જ્ઞાનપલક ઊઘડયા નહિ. રાગથી પાર ચિદાનંદપિંડ આત્માને અંદરના અતીન્દ્રિય સ્વસંવેદનજ્ઞાનથી પ્રતીતમાં લેતાં આત્મામાં જ્ઞાનદીવડા પ્રગટયા, તેના ઘરે દિવાળી આવી; તેને અપૂર્વ સુપ્રભાત ઊગ્યું, અનાદિના અજ્ઞાનઅંધારા ટળ્યા ને જ્ઞાન-દર્શનરૂપી આંખના પલક ઊઘડયા; સુખે-સુખે તે હવે સિદ્ધપદને સાધશે. આત્મામાં અપૂર્વ વર્ષ બેઠું તે હવે સદા સુખમય રહેશે. અહો, આવો માર્ગ બતાવીને સંતોએ મોટો ઉપકાર કર્યો છે.

અંતરમાં પર્યાયનો દિ' વાળીને જેણે ચૈતન્યપ્રભુના ભેટા કર્યા તેને જ્ઞાનની ધારામાં આનંદનાં ફૂલ ઝરે છે. અહા, પહેલાં શ્રદ્ધા તો કરો....રુચિ તો કરો....કે મારો આત્મા જ્ઞાન-આનંદમય છે, આવો આત્મા જ મારે જોઈએ છીએ, આત્મા સિવાય બીજું કાંઈ મારે જોઈતું નથી.-આવી અંતર્મુખ દશા કરતાં પર્યાય અંતરમાં વળી જાય છે એટલે સમ્યક્ત્વાદિ ઝગઝગતી ચૈતન્યદશારૂપે આત્મા ખીલી જાય છે, તે મંગલ સુપ્રભાત છે. ચૈતન્યના આનંદના અનંત અંકુરા તેને પ્રગટયા; આનંદનાં અનંત

કિરણો સહિત ઝગઝગાટ કરતો ચૈતન્યસૂર્ય ઊગ્યો.....અનંતા નિધાન પોતામાં પ્રગટયા. શક્તિમાં આનંદનિધાન ભર્યા હતા તે પર્યાયમાં ઝરઝર ઝરવા લાગ્યા...તે આત્મા ધર્મી થયો, મોક્ષનો સાધક થયો.

આહાહા ! આ દશાની શી વાત ! તે દશા ખીલતાં–ખીલતાં જ્યાં કેવળજ્ઞાનનું પૂર્ણ પ્રભાત ખીલ્યું તેની શી વાત ! ભાઈ, આ તારા પોતાનાં ગાણાં ગવાય છે; જે કહેવાય છે તે બધું તારામાં ભર્યું છે. તેમાં અંતર્મુખ થતાં પર્યાયમાં તે ખીલી જાય છે.–એ આનંદમય સુપ્રભાત છે, તે શાંતિનું અપૂર્વ વર્ષ બેઠું.–આ બેસતાવર્ષના અપૂર્વ લાડવા પીરસાય છે, તેમાં આનંદરસનો સ્વાદ છે.

જેમ સોના–રૂપાના સિક્કા થાય છે તેમ ધર્મી જીવે અંતરની શક્તિમાંથી જે શુદ્ધપર્યાય પ્રગટ કરી તેમાં અતીન્દ્રિય આનંદની છાપ છે; સમ્યક્શ્રદ્ધાનો સોનેરી સિક્કો તેના આત્મામાં લાગી ગયો, મોક્ષનો સિક્કો લાગી ગયો. હું તો અનંત આનંદનો સમુદ્ર છું–એમ શ્રદ્ધા કરીને જ્યાં આનંદમય સ્વસંવેદનનો સિક્કો લગાવ્યો તે જીવ હવે અલ્પકાળમાં અનંતગુણમય કેવળજ્ઞાન–પ્રભાતથી ખીલી જશે, ને મોક્ષ પામશે.

સાધકને એવી શુદ્ધદશા થઈ કે મિથ્યાત્વ–અંધકારનો નાશ થયો, આનંદમય જ્ઞાનપ્રકાશ ખીલ્યો, તેની ધારા અતિશયપણે મોક્ષ તરફ ચાલી. ધર્મીની જ્ઞાનધારા રાગાદિથી જુદી છે–અધિક છે–માટે તે જ્ઞાનધારાને અતિશયપણું છે. તેનું સમ્યગ્દર્શન વીતરાગ છે, તેનું સમ્યગ્જ્ઞાન પણ વીતરાગ છે. આમ વીતરાગરસની ઝરઝર ધારા તેને નિરંતર વર્તે છે. આવું સમ્યગ્દર્શન થયું ત્યાં સોનાનો સૂરજ ઊગ્યો; જેમ સોનામાં કાટ ન હોય તેમ સમ્યગ્દર્શન થતાં જે જ્ઞાનધારા પ્રગટી તે શુદ્ધ છે, તેમાં રાગાદિ વિકારરૂપ કાટ નથી.–રાગ વગરના ચૈતન્યપ્રકાશથી તે અતિશય શોભે છે.

## * આવું આનંદમય ચૈતન્યપ્રભાત જયવંત વર્તે છે. *

સમ્યગ્દર્શન થતાં આત્મામાં શુદ્ધપરિણતિ પ્રગટી તે જ સુપ્રભાત છે. તે પરિણતિમાં આનંદ પણ ભેગો જ છે. સંતોની વાણી આત્માના આવા સ્વરૂપને બતાવે છે. કેવળીપ્રભુની વાણી હો, કે ગણધરની, મુનિની કે જ્ઞાની–સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થની વાણી હો; તેમાં એવું સ્વરૂપ આવ્યું છે કે જે સ્વરૂપ સમજતાં આનંદદશાસહિત આત્મા ખીલી જાય છે. રાગથી લાભ થાય–એવી વાણી સંતોની નથી. જે સમજવાથી રાગનો નાશ થાય ને વીતરાગતા ખીલે એવી વાણી સંતોની છે. વીતરાગી સંતોની વાણી વીતરાગતા–પોષક હોય, આનંદની દાતાર હોય. જ્યાં વાણીમાં કહેલું ચૈતન્યતત્ત્વ કાને પડયું કે અંદર ફડાક સમ્યગ્જ્ઞાન થઈને આનંદમય પ્રભાત ખીલી જાય છે. આવી આનંદપર્યાયમાં સુસ્થિત આત્મા શોભે છે. તે અપૂર્વ મંગલમય સુપ્રભાત છે.

# આનંદમય અપૂર્વ ભેદવિજ્ઞાન

## જ્ઞાનપર્યાયનું આત્માથી અનન્યપણું ને પરથી અત્યંત ભિન્નપણું

**જૈનશાસનમાં બતાવેલી જીવ-અજીવની ભિન્નતાના ભેદવિજ્ઞાનનું અપરંપાર માહાત્મ્ય છે, અને તે અપૂર્વ છે. અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવે પરલક્ષી શાસ્ત્રજ્ઞાન, કે શુભરાગરૂપ વ્રત-તપ-ત્યાગ વગેરે બધું કર્યું છે, પણ શુદ્ધાત્માના ભાવશ્રુતજ્ઞાનરૂપ ભેદવિજ્ઞાન તેણે એક સેકંડ પણ પૂર્વે કર્યું નથી. વીતરાગી સંતો કહે છે કે હે જીવ! એકવાર તું સ્વ-પરનું સાચું ભેદજ્ઞાન કર તો અલ્પકાળમાં તારો મોક્ષ થયા વગર રહે નહિ. એક સેકંડનું ભેદજ્ઞાન અનંતકાળના જન્મમરણથી છોડાવીને મોક્ષસુખનો અપૂર્વ સ્વાદ ચખાડે છે. સર્વે પરદ્રવ્યો અને પરભાવોથી આત્માનું જુદાપણું અને પોતાના જ્ઞાનસ્વભાવથી એકપણું સમજીને, અપૂર્વ ભેદજ્ઞાનવડે ચૈતન્યસ્વાદનું વેદન કરવું તે શ્રી જિનાગમનો સાર છે. ભેદજ્ઞાન વગરનું બધું અસાર છે, ભેદજ્ઞાન જ સારભૂત છે. મુમુક્ષુ જીવોએ પળેપળે ભેદજ્ઞાન ભાવવાયોગ્ય છે.**

**[ સમયસાર ગા. ૩૯૦ થી ૪૦૪ ના પ્રવચનમાંથી ]**

આત્મા પોતે જ્ઞાન છે; આત્મામાં પરિપૂર્ણ જ્ઞાન છે ને શબ્દાદિ અચેતનમાં જ્ઞાન જરાય નથી; એટલે જ્ઞાન આત્માથી જ થાય છે ને પરથી થતું નથી–આવો અનેકાંત–સ્વભાવ વર્ણવીને શ્રી આચાર્યદેવે આ ગાથાઓમાં જ્ઞાનસ્વભાવની સ્વતંત્રતાનો ઢંઢેરો જાહેર કર્યો છે. શાસ્ત્રો વગેરે પરદ્રવ્યો જ્ઞાન નથી માટે તેઓ જ્ઞાનનું જરા પણ કારણ નથી; આત્મા પોતે જ્ઞાન છે તેથી આત્મા જ જ્ઞાનનું કારણ છે; જ્ઞાનાદિ પર્યાયો સાથે આત્મા તન્મય છે.

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના મૂળ સૂત્રોમાં ત્રણ ઠેકાણે ખાસ વજન છે–

(૧) 'सत्थं ण याणए किंचि' એટલે કે શાસ્ત્ર વગેરે કાંઈ જાણતાં નથી. –એટલે તેનામાં પૂરેપૂરું અચેતનપણું બતાવ્યું.

(૨) 'अण्णं णाणं' એટલે કે તે શાસ્ત્ર વગેરે અચેતનથી જ્ઞાન જુદું છે. શાસ્ત્રો વગેરે કાંઈ જાણતાં નથી, તેની સામે 'આત્મામાં જ્ઞાનપૂરેપૂરું છે.' એમ આવ્યું. આત્મામાં જ્ઞાન પૂરેપૂરું છે અને શ્રુત વગેરેમાં જ્ઞાન જરા પણ નથી–આમ અસ્તિ–નાસ્તિથી પૂરો જ્ઞાનસ્વભાવ બતાવ્યો છે.

(૩) 'जिणा विंति' એટલે કે જિનદેવો એમ જાણે છે અથવા જિનદેવો એમ કહે છે. ગાથાએ–ગાથાએ 'जिणा विंति' એમ કહીને સર્વજ્ઞ ભગવાનની સાક્ષી આપી છે.

અહો, કોઈ અપૂર્વ યોગે આ સમયસાર શાસ્ત્ર રચાયું છે. ગાથાએ–ગાથાએ અચિંત્ય ભાવો ભર્યા છે; એકેક ગાથાએ પરિપૂર્ણ આત્મસ્વભાવ બતાવી દે છે.

આત્મા પોતે જ્ઞાન છે ને શ્રુતના શબ્દો વગેરે અચેતન છે; આત્મામાં જ્ઞાન પરિપૂર્ણ છે ને શ્રુત વગેરેમાં કિંચિત્ જ્ઞાન નથી. શ્રુતમાં જ્ઞાન નથી અને જ્ઞાનમાં શ્રુત નથી; તો હે ભાઈ, તારા જ્ઞાનમાં શ્રુત તને શું મદદ કરશે? અને તારો આત્મા જ્ઞાનથી પૂરો છે તો તારું જ્ઞાન પરની શું આશા રાખશે? માટે જ્ઞાનને પરનું જરાય અવલંબન નથી. પોતાના આત્મસ્વભાવનું જ અવલંબન છે.

આ રીતે આત્માનો પરિપૂર્ણ સ્વાશ્રિત જ્ઞાનસ્વભાવ આચાર્યભગવાને આ પંદર ગાથાઓમાં બતાવ્યો છે.

જેને પોતાના આત્માનું હિત કરવું છે–કલ્યાણ કરવું છે તેણે શું કરવું જોઈએ? તેનો આ અધિકાર ચાલે છે. પ્રથમ તો, આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાન અને આનંદ જ તેનો સ્વભાવ છે અને પરથી તેમ જ વિકારથી તે જુદો છે,–એવા આત્માની જ્યાં સુધી શ્રદ્ધા ન થાય ત્યાં સુધી શરીર–પૈસા–સ્ત્રી–પુત્ર વગેરેમાંથી હિતબુદ્ધિ ટળે નહિ; અને જ્યાં સુધી પરમાં હિતબુદ્ધિ કે લાભ–અલાભની બુદ્ધિ ટળે નહિ ત્યાં સુધી સ્વભાવને ઓળખવાનો અને રાગ–દ્વેષ ટાળીને તેમાં ઠરવાનો સત્ય પુરુષાર્થ કરે નહિ. માટે પોતાનું હિત કરવાના ઇચ્છક જીવોએ, આત્માનું સ્વરૂપ શું છે? તેને કોની સાથે એકતા છે ને કોનાથી જુદાઇ છે? તે જાણવું જોઇએ.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે જ્ઞાન–સુખ વગેરે સાથે એકમેક છે, અને શરીર–પૈસા

વગેરેથી તેને જુદાઈ છે, રાગથી પણ ખરેખર જુદાઈ છે. જ્ઞાન–આનંદસ્વરૂપ આ આત્મા પરથી જુદો છે એમ કહેતાં જ આત્મા પોતાના સ્વભાવથી પરિપૂર્ણ, સ્વાધીન અને પરના આશ્રય વગરનો નિરાલંબી સિદ્ધ થાય છે. આવા આત્માને જાણવો–માનવો તે જ હિતનો ઉપાય છે, તે જ કલ્યાણ છે, તે જ ધર્મ છે, તે જ મંગલ છે.

દરેક આત્મા પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે. આ શરીર તે હું નથી, હું તો આત્મા છું, મારો આત્મા જ્ઞાનથી પરિપૂર્ણ છે ને પર ચીજોથી જુદો છે; મારા આત્માને જ્ઞાન અને આનંદ માટે કોઇ પર ચીજની જરૂર નથી. આ પ્રમાણે પોતાના જ્ઞાનાનંદસ્વભાવી આત્માનો સ્વીકાર કર્યા વગર કોઈ જીવ ધર્મ કરી શકે નહિ. આ આત્મસ્વભાવ આબાળગોપાળ સર્વે જીવોને સમજાય તેવો છે; દરેક જીવોએ સુખ માટે આવો આત્મસ્વભાવ જ સમજવાનો છે. અહીં આચાર્યદેવ તે સ્વભાવ સમજાવે છે.

જાણનાર–દેખનાર–આનંદસ્વભાવી આત્મા પોતે છે; તે સમજવામાં નિમિત્તરૂપ દ્રવ્યશ્રુત છે. તેથી સૌથી પહેલાં તે દ્રવ્યશ્રુતથી જ્ઞાનને જુદું સમજાવે છે. શ્રી સર્વજ્ઞ–ભગવાનની દિવ્યવાણી, ગુરુઓની વાણી કે સૂત્રોના શબ્દો તે બધા દ્રવ્યશ્રુત છે; તેના આધારે આ આત્માનું જ્ઞાન થતું નથી. સાક્ષાત્ સર્વજ્ઞભગવાન, ગુરુ કે શાસ્ત્રના લક્ષે રાગમાં અટકીને જે જ્ઞાન થાય તે પણ દ્રવ્યશ્રુત જેવું છે. દેવ અને ગુરુના આત્માનું જ્ઞાન તેમનામાં છે, પરંતુ આ આત્માનું જ્ઞાન તેમનામાં નથી. જીવ પોતાના સ્વભાવ તરફ વળીને જ્યારે સાચું સમજે છે ત્યારે દ્રવ્યશ્રુતને નિમિત્ત કહેવાય છે; પણ દેવ–ગુરુ – શાસ્ત્રના રાગથી આત્મસ્વભાવ સમજાતો નથી. દેવ–ગુરુની વાણીથી તેમજ શાસ્ત્રોથી આ આત્મા જુદો છે. દ્રવ્યશ્રુત તો અચેતન છે, તેમાં કાંઈ જ્ઞાન રહેલું નથી, માટે તે દ્રવ્યશ્રુત પોતે કાંઈ જાણતું નથી, ને દ્રવ્યશ્રુતના લક્ષે આત્મા સમજાતો નથી. આત્મા પોતે જ્ઞાનસ્વભાવી છે, તે જ્ઞાનસ્વભાવની સન્મુખતાથી જ આત્મા જણાય છે. જાણવાનો પોતાનો જ સ્વભાવ છે.

દ્રવ્યશ્રુતથી આત્મા જુદો છે, દેવ–શાસ્ત્ર–ગુરુથી આત્મા જુદો છે, એટલે તેમના લક્ષે થતો રાગ પણ દ્રવ્યશ્રુતમાં આવી જાય છે. આમ સમજીને તે દ્રવ્યશ્રુત તરફના રાગથી જુદો પડીને, વર્તમાન જ્ઞાનને અંદર રાગરહિત ત્રિકાળી જ્ઞાનસ્વભાવ તરફ વાળે તો પોતાનો આત્મસ્વભાવ જણાય. વર્તમાન જ્ઞાનપર્યાયને પર તરફ રાગમાં એકાગ્ર કરે તો અધર્મ થાય છે, ને પોતાના ત્રિકાળી જ્ઞાનસ્વભાવ તરફ વાળીને ત્યાં એકાગ્ર કરે તો ધર્મ થાય છે. જ્ઞાનસ્વભાવના આધારે જે જ્ઞાન થાય તે સમ્યગ્જ્ઞાન છે. પર દ્રવ્યો આ

આત્માથી જુદા છે, તેમના લક્ષે જે મંદકષાય અને ઇન્દ્રિયજ્ઞાન થાય, તે મંદકષાયના કે ઇન્દ્રિયજ્ઞાનના આશ્રયે સમ્યગ્જ્ઞાન થતું નથી ને આત્મા સમજાતો નથી. આટલું સમજે ત્યારે દ્રવ્યશ્રુતથી આત્માને જુદો માન્યો કહેવાય, અને ત્યારે જીવને ધર્મ થાય.

'દ્રવ્યશ્રુતથી આત્મા જુદો છે' એમ કહેતાં તેમાં સાચા દ્રવ્યશ્રુતનો સ્વીકાર આવી જાય છે; કેમકે દ્રવ્યશ્રુત પોતે જ એમ કહે છે કે તું તારા જ્ઞાનસ્વભાવની સન્મુખ થતું પોતે જ જ્ઞાન છો. તારું જ્ઞાન કાંઈ શાસ્ત્રના શબ્દોમાં નથી. પરના આશ્રયે જ્ઞાન થવાનું જે કહે તે તો દ્રવ્યશ્રુત પણ નથી, તે તો કુશ્રુત છે. અહીં તો ભગવાને કહેલા દ્રવ્યશ્રુતની વાત છે. જે જીવને, આત્મા સમજવાની જિજ્ઞાસા છે તેને પ્રથમ દ્રવ્યશ્રુત તરફ લક્ષ હોય છે, દ્રવ્યશ્રુતના લક્ષે શુભ રાગ થાય છે ખરો, સાચા દેવ–શાસ્ત્ર–ગુરુની ઓળખાણ, સત્સમાગમ, શાસ્ત્રસ્વાધ્યાય વગેરે નિમિત્તો હોય ખરા અને જિજ્ઞાસુને તેના લક્ષે શુભરાગ થાય, પરંતુ તે કોઈ નિમિત્તોના લક્ષે આત્મસ્વભાવ સમજાતો નથી. દ્રવ્યશ્રુત વગેરે નિમિત્તો અને તે તરફના લક્ષે થતા રાગનો આશ્રય છોડીને, તેનાથી રહિત ત્રિકાળી ચૈતન્યસ્વભાવની રુચિ કરીને જ્ઞાનને સ્વ તરફ વાળે તો જ સમ્યગ્જ્ઞાન થાય. જિજ્ઞાસુ જીવને શ્રવણ તરફનો શુભભાવ હોય, પણ જો તે શ્રવણથી જ જ્ઞાન થશે એમ માની લે તો તે કદી રાગથી જુદો પડીને પોતાના તરફ વળે નહિ ને તેનું અજ્ઞાન ટળે નહિ. અચેતન શબ્દોથી કે રાગથી જ્ઞાન થતું નથી, જ્ઞાન તો પોતાના જ્ઞાનસ્વભાવથી થાય છે,–એમ સમજતાં અપૂર્વ ભેદજ્ઞાન પ્રગટે છે.

તીર્થંકર થનાર જીવ આત્મસ્વભાવનું યથાર્થ જ્ઞાન અને અવધિજ્ઞાન સહિત જન્મે છે, અને પછી મુનિદશા પ્રગટ કરી, ઊગ્ર પુરુષાર્થપૂર્વક આત્મસ્વભાવમાં સ્થિરતા કરીને વીતરાગતા અને કેવળજ્ઞાન પ્રગટ કરે છે. એવું પરિપૂર્ણ કેવળજ્ઞાન દરેક જીવનો સ્વભાવ છે. સર્વજ્ઞદેવને એવું કેવળજ્ઞાન પ્રગટ થતાં પોતાનો પરિપૂર્ણ આત્મસ્વભાવ અને જગતના સર્વે દ્રવ્ય–ગુણ–પર્યાયો એક સાથે પ્રત્યક્ષ જણાય છે. કેવળજ્ઞાન થયા પછી પણ તેરમા ગુણસ્થાને યોગનું કંપન હોય છે. તીર્થંકર ભગવાનને તેરમા ગુણસ્થાને તીર્થંકરનામકર્મનો ઉદય હોય છે. અને તેના નિમિત્તે 'ૐ' એવો દિવ્યધ્વનિ છૂટે છે. આત્મસ્વભાવ સમજવામાં નિમિત્તરૂપ દ્રવ્યશ્રુત છે, તે દ્રવ્યશ્રુતમાં સૌથી ઉત્કૃષ્ટ દિવ્યધ્વનિ છે. પરંતુ તેના આશ્રયે સમ્યગ્જ્ઞાન થતું નથી–એમ અહીં બતાવવું છે. જ્ઞાનપર્યાય દિવ્યધ્વનિથી જુદી છે ને આત્માથી અભિન્ન છે. દિવ્યધ્વનિ પુદ્ગલની રચના છે, તે

અચેતન છે, તેનામાં જ્ઞાન નથી; જ્ઞાન તો આત્માનું તન્મયસ્વરૂપ છે. અહા કેવું અપૂર્વ ભેદજ્ઞાન કરાવ્યું છે.!

જ્યાં સુધી જીવને રાગ–દ્વેષાદિ હોય છે ત્યાં સુધી તેને પૂરું જ્ઞાન હોતું નથી અને તેની વાણી પણ ક્રમવાળી, અનેક અક્ષરોવાળી ને ભેદરૂપ હોય છે. રાગાદિ ટળીને વીતરાગતા થતાં જે કેવળજ્ઞાન થયું તે સર્વે પદાર્થોને એકસાથે જાણે છે અને તેમની વાણી અક્રમરૂપ, નિરક્ષરી અને એક સમયમાં પૂરું રહસ્ય કહેનારી હોય છે, તેથી તેને દિવ્યધ્વનિ કહેવાય છે.

શ્રી સર્વજ્ઞદેવને જ્ઞાન આખું થઈ ગયું છે અને તેમની વાણીમાં પણ એકેક સમયમાં પૂરું રહસ્ય આવે છે. પરંતુ સામો જીવ પોતાના જ્ઞાનની લાયકાતથી જેટલું સમજે તેટલું તેને નિમિત્ત કહેવાય છે. કોઈ જીવ બાર અંગ સમજે તો તેને માટે બાર અંગમાં તે વાણીને નિમિત્ત કહેવાય છે. કોઇ જીવ કરણાનુયોગનું જ્ઞાન કરે તો તે વખતે તેને તે વાણી કરણાનુયોગના જ્ઞાનમાં નિમિત્ત કહેવાય, છે, અને તે જ વખતે બીજો જીવ દ્રવ્યાનુયોગનું જ્ઞાન કરતો હોય તો તેને તે વાણી દ્રવ્યાનુયોગના જ્ઞાનમાં નિમિત્ત કહેવાય છે. અહો, આમાં જ્ઞાનની સ્વાધીનતા સિદ્ધ થાય છે. જે જીવ પોતાના અંતરસ્વભાવના આધારે જેટલો શ્રદ્ધા–જ્ઞાનનો વિકાસ કરે તેટલો દિવ્યધ્વનિમાં નિમિત્તપણાનો આરોપ આવે છે. માટે અહીં ભગવાન આચાર્યદેવ કહે છે કે જ્ઞાન અને દ્રવ્યશ્રુત જુદાં છે. વાણી અને શાસ્ત્રો તો અજીવ છે, અજીવના આધારે કદી જ્ઞાન હોય નહિ. જો વાણીથી જ્ઞાન થતું હોય તો અજીવવાણી કર્તા બને અને જ્ઞાન તેનું કાર્ય ઠરે. અજીવનું કાર્ય તો અજીવ હોય, એટલે જ્ઞાન પોતે અજીવ ઠરે! જે જીવ પરવસ્તુના આધારે પોતાનું જ્ઞાન માને છે તે જીવનું મિથ્યાજ્ઞાન છે, તેને અહીં અચેતન કહ્યું છે. પોતાના ચેતનસ્વભાવને તે જાણતો નથી.

પુસ્તક અને વાણી તો જડ છે, તે તો જ્ઞાન નથી જ. પણ મંદ કષાયને લીધે એકલા શાસ્ત્રના લક્ષે થતો જ્ઞાનનો ઉઘાડ તે પણ ખરું જ્ઞાન નથી. જિનેન્દ્ર ભગવાને કહેલા દ્રવ્ય–ગુણ–પર્યાય, નિશ્ચય–વ્યવહાર, ઉપાદાન–નિમિત્ત, નવ તત્ત્વો વગેરે સંબંધી જ્ઞાનનો ઉઘાડ માત્ર શાસ્ત્રોના લક્ષે થાય, અને શબ્દોથી તથા રાગથી જુદો પડીને જ્ઞાન–સ્વભાવનું લક્ષ ન કરે તો તે જ્ઞાનના ઉઘાડને પણ દ્રવ્યશ્રુતમાં ગણીને અચેતન જેવો કહ્યો છે. શાસ્ત્ર વગેરે પરદ્રવ્યો, તેના લક્ષે થતો મંદ કષાય અને તેના લક્ષે કાર્ય કરતો વર્તમાન પૂરતો જ્ઞાનનો ઉઘાડ તે બધાનો આશ્રય છોડીને–તેની સાથેની એકતા છોડીને, –ત્રિકાળી

આત્મસ્વભાવનો આશ્રય કરીને, આત્મામાં જે જ્ઞાન અભેદ થઈને પરિણમે તે જ ખરું જ્ઞાન છે.

પ્રશ્નઃ–જો શબ્દ અચેતન છે ને વાણીથી–શ્રુતથી જ્ઞાન નથી થતું તો, 'તીર્થંકરો – સંતોની વાણી જયવંત વર્તો, શ્રુત જયવંત હો'–એમ શા માટે કહેવાય છે?

ઉત્તરઃ–વાણીથી જ્ઞાન થતું નથી પણ સ્વભાવ તરફની એકાગ્રતાથી જ્ઞાન પ્રગટે છે. સમ્યગ્જ્ઞાન થયા પછી જીવ એમ જાણે છે કે પહેલાં વાણી તરફ લક્ષ હતું, એટલે કે સમ્યગ્જ્ઞાન થવામાં નિમિત્તરૂપ વાણી છે. ખરેખર તો પોતાના આત્મામાં જે ભેદજ્ઞાન પ્રગટયું છે તે (ભાવશ્રુત) જયવંત હો–એવી ભાવના છે; અને શુભવિકલ્પ વખતે, ભેદજ્ઞાનના નિમિત્તરૂપ વાણીમાં આરોપ કરીને કહે છે કે 'શ્રુત જયવંત હો, ભગવાનની ને સંતોની વાણી જયવંત હો.' કેમકે તે સમ્યક્શ્રુત ભાવશ્રુતમાં નિમિત્ત છે. પરંતુ તે વખતેય ધર્મીને અંતરમાં બરાબર ભાન છે કે વાણી વગેરે પરદ્રવ્યથી કે તેના તરફના રાગથી મારા આત્માને કિંચિત્ લાભ થતો નથી.

આત્માના જ્ઞાનમાં વાણીનો અભાવ છે અને વાણીમાં જ્ઞાનનો અભાવ છે. જીવનો કોઈ ગુણ અચેતનમાં નથી, માટે જેણે પોતાના આત્મામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, શાંતિ, સુખ વગેરે પ્રગટ કરવાં હોય તેણે ક્યાંય બહારમાં ન જોતાં, અનંત–ગુણસ્વરૂપ પોતાના આત્મસ્વભાવમાં જોવું. આત્મસ્વભાવ તરફ વળતાં સમ્યગ્દર્શન – જ્ઞાન વગેરે પ્રગટ થાય છે. અને તે સિવાય વાણી–શાસ્ત્ર વગેરે બાહ્ય વસ્તુઓના લક્ષે રાગાદિ બંધભાવો થાય છે.

અહા, આચાર્યદેવે જ્ઞાનસ્વભાવની અપૂર્વ વાત કરી છે. વાણી અચેતન છે, તેના આધારે જ્ઞાન નથી; જ્ઞાનસ્વભાવી આત્મા પોતે જ જ્ઞાન છે. અહો! આ ભેદવિજ્ઞાનની પરમ સત્ય વાત છે, આત્મકલ્યાણનો માર્ગ છે. પણ જેને પોતાના કલ્યાણની દરકાર નથી અને જગતના માન–આબરૂની દરકાર છે એવા તૂચ્છબુદ્ધિ જીવોને આ વાત નથી રુચતી, એટલે ખરેખર તેને પોતાનો જ્ઞાનસ્વભાવ જ નથી રુચતો ને વિકાર ભાવ રુચે છે; તેથી આવી અપૂર્વ આત્મસ્વભાવની વાત કાને પડતાં એવા જીવો પોકાર કરે છે કે 'અરે, આત્મા પરનું કાંઈ કરે નહિ–એમ કહેવું તે તો ઝેરનાં ઈન્જેક્શન આપવા જેવું છે.' અરે, શું થાય! આ ભેદજ્ઞાનની પરમઅમૃત જેવી વાત પણ તેને ઝેર જેવી લાગી!! બાપુ! એકવાર આ ભેદજ્ઞાનનું ઇન્જેક્શન લે તો અનંતકાળના મિથ્યાત્વનું ઝેર ઊતરી જશે, ને તને અતીન્દ્રિય આનંદ થશે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, વિકારનો અને પરનો તે અકર્તા છે–એવી ભેદજ્ઞાનની વાત તો,

અનાદિકાળથી જે મિથ્યાત્વરૂપી ઝેર ચડયું છે તેને ઉતારી નાંખવા માટે, પરમ અમૃતના ઇન્જેક્શન જેવી છે. જો એકવાર પણ આત્મા એવું ઇન્જેક્શન લ્યે તો તેને જન્મ–મરણનો રોગ નાશ થઈને સિદ્ધદશા થયા વગર રહે નહિ. આત્મા અને વિશ્વના દરેક પદાર્થ સ્વતંત્ર છે, પરિપૂર્ણ છે, નિરાવલંબન છે–આવો સમ્યક્બોધ તે તો પરમ અમૃત છે કે ઝેર ? ? એવું પરમ અમૃત પણ જે જીવને ‘ઝેરના ઇન્જેક્શન’ જેવું લાગે છે તે જીવને તેના મિથ્યાત્વ ભાવનું જોર જ તેમ પોકારી રહ્યું છે ! આ તો નિજકલ્યાણ કરવા માટેના અને મિથ્યાત્વરૂપી ઝેર દૂર કરવા માટેના અફર અમૃતનાં ઇન્જેક્શન છે. પોતાના પરિપૂર્ણ સ્વભાવનો વિશ્વાસ કરે તો સમ્યગ્દર્શન પ્રગટે એટલે કે ધર્મની પહેલામાં પહેલી શરૂઆત થાય. તે સમ્યગ્દર્શન પોતે ચૈતન્યઅમૃતથી ભરેલું છે, ને અમૃત એટલે કે મરણરહિત એવા મોક્ષપદનું તે કારણ છે.

## 卐 આત્મસ્વભાવનો આશ્રય કરવો તે પ્રયોજન છે 卐

આત્મસ્વભાવ સમજવામાં, તેમ જ સમજ્યા પહેલાં અને સમજ્યા પછી પણ સત્શ્રુત નિમિત્તરૂપ હોય છે, તેનો અહીં નિષેધ નથી. પણ તે સત્ નિમિત્તો એમ કહે છે કે તું તારા જ્ઞાનસ્વભાવનો આશ્રય કર, ને પરનો આશ્રય છોડ. કેમકે જ્ઞાન સાથે તું તન્મય છો ને પરથી તારી ભિન્નતા છે. જો નિમિત્તોનો આશ્રય છોડીને પોતાના સ્વભાવનો આશ્રય કરે તો જ જીવને સમ્યગ્જ્ઞાન થાય છે, અને એ રીતે સ્વાશ્રયે સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે તો જ દ્રવ્યશ્રુતને તેનું નિમિત્ત ખરેખર કહેવાય, અને તેના દ્રવ્યશ્રુતના જ્ઞાનને વ્યવહારજ્ઞાન કહેવાય છે. એ રીતે અહીં નિમિત્તનો–વ્યવહારનો આશ્રય છોડીને સ્વભાવનો આશ્રય કરવો તે પ્રયોજન છે. તે જ ધર્મનો રસ્તો છે.

પ્રશ્નઃ–જો શ્રુત–શાસ્ત્ર તે જ્ઞાનનું કારણ નથી, તો જ્ઞાનીઓ પણ આખો દિવસ સમયસાર–પ્રવચનસાર આદિ શાસ્ત્રો હાથમાં રાખીને કેમ વાંચે છે ?

ઉત્તરઃ–પહેલાં એ સમજો કે આત્મા શું ? જ્ઞાન શું ? શાસ્ત્ર શું ? ને હાથ શું ? હાથ અને શાસ્ત્ર તે તો બન્ને અચેતન છે, આત્માથી જુદા છે, તેની ક્રિયા તો કોઈ આત્મા કરતો નથી. જ્ઞાનીને સ્વાધ્યાય વગેરેનો વિકલ્પ થયો અને તે વખતે જ્ઞાનમાં તે પ્રકારના જ્ઞેયોને જ જાણવાની લાયકાત હતી તેથી જ્ઞાન થાય છે, ને તે વખતે નિમિત્તરૂપે સમયસારાદિ વીતરાગી શાસ્ત્ર તેના પોતાના કારણે સ્વયં હોય છે. ત્યાં જ્ઞાનીએ તો આત્મસ્વભાવના આશ્રયે જ્ઞાન જ કર્યું છે; જ્ઞાનપર્યાય સાથે જ તેને તન્મયતા છે, બીજા કોઈ સાથે તેને તન્મયતા નથી. હાથની, શાસ્ત્રની કે રાગની ક્રિયા પણ તેણે કરી નથી. શાસ્ત્રના કારણે જ્ઞાન થતું નથી, અને જીવના વિકલ્પના કારણે

શાસ્ત્ર આવ્યું નથી. જ્ઞાનનું કારણ તો પોતાનો જ્ઞાનસ્વભાવ હોય, કે અચેતન વસ્તુ હોય? જેને પોતાના જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા નથી અને અચેતન–શ્રુતના કારણે પોતાનું જ્ઞાન માને છે, તેને સમ્યગ્જ્ઞાન થતું નથી. આ ભગવાન આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે. સર્વજ્ઞ વીતરાગદેવની સાક્ષાત્ વાણી તે જ્ઞાનનું અસાધારણ–સર્વોત્કૃષ્ટ નિમિત્ત છે પણ તે અચેતન છે, તેના આશ્રયે–તેના કારણે પણ આત્માને કિંચિત્ જ્ઞાન થતું નથી, તો અન્ય નિમિત્તોની તો શું વાત!

કોઈ એમ કહે કે–પહેલાં તો વાણી વગેરે નિમિત્તના લક્ષે આત્મા આગળ વધે ને? તો તેને કહે છે કે ભાઈ, વાણીના લક્ષે બહુ તો પાપભાવ ટાળીને પુણ્યભાવ થાય, પણ તે કાંઈ આગળ વધ્યો કહેવાય નહિ. કેમકે શુભભાવ સુધી તો જીવ અનંતવાર આવી ચૂકયો છે. શુભ–અશુભથી પાર આત્માનું ભેદજ્ઞાન કરીને જ્ઞાનસ્વભાવમાં આવે તો જ આગળ વધ્યો કહેવાય. નિમિત્તના લક્ષે કદી પણ ભેદજ્ઞાન થાય નહિ. પોતાના જ્ઞાનસ્વભાવના લક્ષે શરૂઆત કરે તો જ આગળ વધે ને ભેદજ્ઞાનના બળે પૂર્ણતા થાય.

## આચાર્યદેવના કથનમાં ગર્ભિતપણે આવી જતા નવ તત્ત્વો

શ્રી આચાર્યદેવની ઘણી ગંભીર શૈલિ છે; એકેક સૂત્રનો જેટલો વિસ્તાર કરવો હોય તેટલો થઈ શકે છે. ‘શ્રુત તે જ્ઞાન નથી’ એમ કહેતાં તેમાં નવે તત્ત્વો ગર્ભિતપણે આવી જાય છે.

(૧) પોતે જ્ઞાનમય જીવતત્ત્વ ચેતન છે.

(૨) પોતાથી ભિન્ન એવાં દ્રવ્યશ્રુત તે અચેતન છે–અજીવતત્ત્વ છે.

(૩) પોતાનું લક્ષ ચૂકીને તે અજીવ તરફ (–વાણી તરફ) લક્ષ કરતાં શુભરાગ થાય છે તે પુણ્યતત્ત્વ છે.

(૪) વિષય–કષાય તરફનો અશુભભાવ તે પાપતત્ત્વ છે.

(૫) પરના લક્ષે થતો શુભ–અશુભ વિકાર તે આસ્રવતત્ત્વ છે.

(૬) તે વિકાર ભાવવડે કર્મનું બંધન થાય છે, તે બંધતત્ત્વ છે.

(૭–૮) વાણી અને આત્માને ભિન્ન જાણીને પોતાના જ્ઞાનસ્વભાવનો અનુભવ કરતાં સમ્યગ્દર્શનાદિ પ્રગટે છે તે સંવર–નિર્જરાતત્ત્વ છે. અને

(૯) આત્મસ્વભાવમાં લીન થતાં રાગાદિ ટળીને જ્ઞાનની પૂર્ણતા થાય છે તે મોક્ષતત્ત્વ છે.

હું જ્ઞાનસ્વભાવી આત્મા, વાણી વગેરે અચેતનથી જુદો છું–એવો જેણે નિર્ણય કર્યો તે પોતાના જ્ઞાનને પરનું અવલંબન માને નહિ. તેને પોતાના અંતરસ્વભાવના આશ્રયે આત્માનું જ્ઞાન પ્રગટે છે ને તેમાં એકાગ્રતાથી ક્ષણે–ક્ષણે શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે.

‘મારે મોક્ષ કરવો છે અથવા મારે ધર્મ કરવો છે’ એમ અંતરમાં ગોખ્યા કરે તેથી કાંઈ ધર્મ થાય નહિ. મોક્ષ કેમ થાય તે બતાવનારી સંતોની વાણીના લક્ષે રોકાય તોપણ મોક્ષ ન થાય. મારી વર્તમાન પર્યાયમાંથી વિકાર ટાળીને મોક્ષદશા કરવી છે–એમ પર્યાય ઉપર જોયા કરે તોપણ મોક્ષ ન થાય–ધર્મ ન થાય, પણ એ વાણી અને વિકારથી જુદો જ્ઞાનસ્વભાવ તે હું–એમ સમજી, તે આત્મસ્વભાવનો આશ્રય કરતાં નિર્મળદશા પ્રગટે છે, અને પરાશ્રયે થનારા એવા મિથ્યાત્વ–રાગાદિભાવો ટળે છે. આત્મા જ્ઞાન–આનંદનું બિંબ છે, તેનામાં પૂરું જ્ઞાનસામર્થ્ય છે, તે સામર્થ્યનો વિશ્વાસ કરીને તેનો અનુભવ કરતાં પર્યાયમાં પૂરું જ્ઞાનસામર્થ્ય પ્રગટ થાય છે. આ જ મુક્તિનો ઉપાય છે.

જે જ્ઞાન પોતે અંતર્મુખ થઈને જ્ઞાનસ્વભાવમાં તન્મય થઈને પરિણમ્યું તે પોતે સમ્યગ્દર્શન છે. તે પર્યાય પોતે આત્મા છે; આત્મા પોતે પોતાની પર્યાયમાં તન્મય થઈને પરિણમ્યો છે. જેમ જડ–ચેતન બે વસ્તુ જુદી છે તેમ કાંઈ દ્રવ્ય–પર્યાય જુદાં નથી, અનન્ય છે. અહીં તો કહે છે કે આત્માની બધી પર્યાયોમાં જ્ઞાન તન્મય છે; અચેતનના સમસ્ત ગુણ–પર્યાયોથી જ્ઞાન અત્યંત જુદું છે, ને ચેતનના સમસ્ત ગુણ–પર્યાયોમાં જ્ઞાન તન્મયપણે રહેલું છે. અહો, આવા જ્ઞાનસ્વભાવી આત્માનું ગ્રહણ (એટલે કે તેને જાણીને તેનાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર) જેણે કર્યા તે જીવ કૃતકૃત્ય સ્વસમય છે. જિજ્ઞાસુ જીવોને કુગુરુનો સંગ છોડીને, સત્પુરુષની વાણીનું શ્રવણ કરવાનો ભાવ આવે, પણ ‘મારું જ્ઞાન વાણીના કારણે નથી, વાણીના લક્ષે પણ મારું જ્ઞાન નથી, અંતરમાં જ્ઞાનસ્વભાવમાંથી જ મારું જ્ઞાન આવે છે’ એમ નક્કી કરીને જો સ્વભાવ તરફ વળે તો જ સમ્યગ્જ્ઞાન થાય છે. અને તેણે જ દ્રવ્યશ્રુતનું સાચું શ્રવણ કર્યું છે; દ્રવ્યશ્રુત જે કહેવા માંગે છે તે તેણે લક્ષમાં લીધું છે.

શ્રી કુંદકુંદપ્રભુ પોતે મહાવિદેહક્ષેત્રમાં જઈને સર્વજ્ઞદેવ શ્રી સીમંધરભગવાનની દિવ્યવાણીનું આઠ દિવસ શ્રવણ કરી આવ્યા હતા; તેઓશ્રી આ ગાથામાં કહે છે કે ભગવાનની સાક્ષાત્ દિવ્યવાણી અચેતન છે, તેમાં આત્માનું જ્ઞાન નથી. ભગવાનની વાણી એમ જ જણાવે છે કે જ્ઞાનની ઉત્પત્તિ વાણીના આશ્રયે નથી; આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે, તેના જ આશ્રયે તેનું જ્ઞાન છે.

વાણી અચેતન છે, તેમાં જ્ઞાન નથી, એ વ્યતિરેકપણું કહ્યું, અને જ્ઞાન તે આત્મા છે–તે અન્વયપણું છે. એટલે કે આત્મા પોતાના અનંત ગુણસ્વભાવોથી પરિપૂર્ણ છે અને વાણી વગેરેથી તદ્દન જુદો છે,–એમ અસ્તિ–નાસ્તિ દ્વારા આચાર્યદેવે આત્મસ્વભાવ બતાવ્યો છે.

જ્ઞાન અને વાણી જુદા છે. જ્ઞાનમાંથી વાણી નીકળતી નથી, અને વાણીમાંથી જ્ઞાન પ્રગટતું નથી. જ્ઞાનમાં જેવી લાયકાત હોય તેવી વાણી નિમિત્તરૂપે હોય–એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે; ત્યાં અજ્ઞાની જીવ ભ્રમથી એમ માને છે કે વાણીને કારણે જ્ઞાન થાય છે. તેથી તે વાણીનો આશ્રય છોડતો નથી ને સ્વભાવનો આશ્રય કરતો નથી, એટલે તેને સમ્યગ્જ્ઞાન થતું નથી.–એવા જીવને વાણી અને જ્ઞાનની અત્યંત ભિન્નતા બતાવે છે. જ્ઞાન ચેતન છે અને વાણી જડનું પરિણમન છે. જ્ઞાન અને વાણી બંને પોતપોતાની વસ્તુમાં તન્મય થઈને સ્વતંત્રપણે પરિણમે છે. આવું અપૂર્વ ભેદવિજ્ઞાન કરનાર જીવ સ્વસમયમાં સ્થિર થઈને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર અને મોક્ષ પામે છે. –તે વીરનો માર્ગ છે.

**-जय महावीर**

## મસ્તાનાકા મારગ મુક્તિ....
## શું જાણે તે દીવાના ?

મેરા મારગ ન્યારા સબસે
(પણ) શિવમારગસે નહીં ન્યારા;
વીતરાગકા વચન પ્રમાણે
સમજે તો જગકું પ્યારા....
સચ્ચા કહે જિનવાણી ખુલ્લા,
સમજે જ્ઞાની મસ્તાના;
મસ્તાનાકા મારગ મુક્તિ
શું જાણે તે દીવાના ?
ધન્ય ધન્ય જગમાં એવા સંતો,
સંગત જેની બહુ સારી;
સંતજનો સહુ ચઢતે ભાવે
હું જાઉં તસ બલિહારી...

# ભગવાન ! તારો મુક્તિમાર્ગ અમે જાણ્યો છે, અમે પણ તે માર્ગે ચાલ્યા આવીએ છીએ.

આચાર્યદેવ કહે છે કે દેહના આશ્રયે મોક્ષમાર્ગ નથી, આત્માના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે જ મોક્ષમાર્ગ છે; ભગવંતોએ આવો મોક્ષમાર્ગ સેવ્યો હતો એમ અમે જાણીએ છીએ, ને અમે પણ આવો જ મોક્ષમાર્ગ સેવીએ છીએ.

અનંતા તીર્થંકરો પૂર્વે થયા. અત્યારે વિદેહમાં તીર્થંકરો બિરાજે છે ને અનંતા તીર્થંકરો ભવિષ્યમાં થશે; તે બધાય અરિહંતો કેવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સેવીને મોક્ષ પામ્યા? તે અમે અમારા સ્વસંવેદનજ્ઞાનથી જોઈએ છીએ. સ્વદ્રવ્યાશ્રિત જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે તે જ મોક્ષમાર્ગપણે જોવામાં આવે છે. અમે તે માર્ગ જોયો છે અને તે માર્ગની સેવના અમે કરીએ છીએ.

અહીં ક્ષેત્રઅપેક્ષાએ તીર્થંકરનો વિરહ છે. પણ ભાવમાં વિરહ નથી, તીર્થંકરોએ જે ભાવ સેવ્યો (જે રત્નત્રય સેવ્યા) તેનો અમને વિરહ નથી. તીર્થંકરોએ કેવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સેવ્યા તે અમે અમારા સ્વસંવેદનભાવથી બરાબર જાણીએ છીએ. પૂર્વે કુંદકુંદાચાર્યદેવ વગેરે મહાન સંતો થયા તેઓ વીતરાગ મોક્ષમાર્ગને સેવનારા હતા–એમ તેમનો નિર્ણય અત્યારે પણ તેમની વાણી ઉપરથી ધર્માત્મા કરી લ્યે છે.

અહા, જુઓ તો ખરા, ધર્માત્માની તાકાત! પોતાના સ્વસંવેદનના ગજથી અનંતા તીર્થંકરોનું માપ, તેમજ હજારો વર્ષ પહેલાં થયેલા વીતરાગી સંતોનું માપ કરી લીધું છે. કોઈ પણ ભગવંતો શરીરની કે રાગની સેવના કરીને મોક્ષ નથી પામ્યા પણ અંદરમાં જ્ઞાનનું સેવન કરીને સર્વે ભગવંતો મોક્ષ પામ્યા છે. ધર્મી પ્રમોદથી કહે છે કે અહો! પ્રભો! આપનો મુક્તિમાર્ગ અમે જાણ્યો છે, ને અમે પણ એવા જ મોક્ષમાર્ગને સેવીએ છીએ....આપના પગલે–પગલે મોક્ષમાં આવી રહ્યા છીએ.–આમ ધર્મી જીવ નિઃશંક મોક્ષમાર્ગને જાણે છે.

ધર્મી પોતે તીર્થંકરોના માર્ગને સેવીને તેનો નિર્ણય કરે છે. સમ્યગ્દર્શન

–જ્ઞાન–ચારિત્રના ભાવરૂપ મોક્ષમાર્ગ છે, તેનું સેવન કરીને તીર્થંકરો મોક્ષ પામ્યા છે; તે પર્યાય છે. જેણે અંદરની સ્વાનુભૂતિ કરી તેણે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું સેવન કર્યું; તે અનુભૂતિ પોતે આત્મા જ છે, આત્મા તેનાથી ભિન્ન નથી. આવા સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્રરૂપ આત્માનું સેવન, તેમાં શુભરાગ નથી, તો પછી શરીરની તો વાત જ કેવી?

અહો, અમારા ધર્મપિતા, જેમના પંથે અમે જઈ રહ્યા છીએ તેમણે તો જ્ઞાનમય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું સેવન કર્યું હતું, કાંઈ શરીરના દ્રવ્યલિંગને કે શુભરાગને તેમણે મોક્ષમાર્ગ તરીકે સેવ્યો ન હતો; માટે જ્ઞાનમય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે જ એક મોક્ષમાર્ગ છે, શુભરાગ કે શરીરના આશ્રયે મોક્ષમાર્ગ નથી,–એમ સૂત્રની અનુમતિ છે. માટે બીજી બધી ચિંતા છોડીને એક જ્ઞાનનું સેવન કર, જ્ઞાનના સેવન વડે મોક્ષમાર્ગમાં તારા આત્માને જોડ.

તીર્થંકર–અરિહંતોનો દાખલો આપીને રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ આચાર્યદેવે પ્રસિદ્ધ કર્યો છે. આવો માર્ગ બતાવીને આચાર્યદેવ કહે છે કે હે જીવ! તું તારા આત્માને પણ આવા મોક્ષમાર્ગમાં સ્થાપ!

**તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને,**
**તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિશે.**

જુઓ તો ખરા, અરિહંતોની ઓળખાણ! અરિહંતો જ્યારે સાધકપણે વર્તતા હતા તે વખતે કેવું વેદન કરતા હતા, તે અમને અમારા સાધકભાવમાં નિઃસંદેહ જણાય છે. બધાય ભગવંતોએ મોક્ષ માટે કેવું કામ કર્યું હતું? કે રાગરહિત જ્ઞાનમય રત્નત્રયને સેવ્યા હતા. બધાય ભગવંતોએ સેવેલો આ જ એક મોક્ષમાર્ગ છે, બીજો માર્ગ મોક્ષ માટે છે જ નહીં.

**અર્હંત સૌ કર્મો તણો કરી નાશ એ જ વિધિ વડે,**
**ઉપદેશ પણ એમ જ કરી નિર્વૃત્ત થયા; નમું તેમને.**

–આમ નિર્ણય કરીને ધર્મી પણ તે જ માર્ગને સેવે છે. મોક્ષ જનાર જીવને નિર્ગ્રંથ મુનિલિંગ જ હોય છે, બીજું દ્રવ્યલિંગ હોતું નથી–એ ખરું, પણ–

**–પણ લિંગ મુક્તિમાર્ગ નહિ, અર્હંત નિર્મમ દેહમાં,**
**બસ લિંગ છોડી જ્ઞાન ને ચારિત્ર દર્શન સેવતા.**

**મુનિલિંગને ગૃહીલિંગ-એ લિંગો ન મુક્તિમાર્ગ છે,**
**ચારિત્ર-દર્શન-જ્ઞાનને બસ મોક્ષમાર્ગ જિનો કહે.**

માટે હે જીવ! તું તારા આત્માને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમાવીને તન્મય પરિણામવાળો થા. અરિહંતોને કાયા છે પણ કાયાની માયા નથી.–**'કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા, નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે.'** જે શરીરને (દ્રવ્યલિંગને) મોક્ષનું કારણ માને તેને શરીરની મમતા છૂટે જ નહીં. ભગવંતોએ તો શરીરને મોક્ષમાર્ગ નહીં જાણતા થકા તેનું મમત્વ છોડયું ને રત્નત્રયના સેવનવડે મોક્ષ પામ્યા. તું પણ તારા આત્માને આવા મોક્ષમાર્ગમાં જોડ.–આ સિદ્ધ ભગવાનના સમાચાર છે.

શુદ્ધજ્ઞાનમય આત્મા છે, તે અમૂર્તિક છે; આવા શુદ્ધજ્ઞાનમય આત્મામાં દેહ કે રાગાદિ ભાવો નથી; દેહથી ને રાગથી પાર એવા શુદ્ધજ્ઞાનમય આત્માનું સેવન તે જ મોક્ષમાર્ગ છે, પરંતુ એનાથી ભિન્ન એવું દ્રવ્યલિંગ (–નગ્નશરીર કે મહાવ્રતાદિના વિકલ્પો) તે કોઈ મોક્ષમાર્ગ નથી. **શુદ્ધજ્ઞાનસ્વભાવની સન્મુખતાથી પોતે આવા મોક્ષમાર્ગના ઉપાસક થઈને આચાર્યદેવ બધાય અર્હંતદેવોને સાક્ષીપણે ઉતારીને કહે છે કે અહો! બધાય ભગવાન અર્હંતદેવોએ આવા દર્શન-જ્ઞાન -ચારિત્રની જ મોક્ષમાર્ગપણે ઉપાસના કરી છે-એમ જોવામાં આવે છે.** અમે તો દેહાદિ દ્રવ્યલિંગનું મમત્વ છોડીને, શુદ્ધજ્ઞાનના સેવન વડે દર્શન–જ્ઞાન–ચારિત્રની ઉપાસનાથી મોક્ષમાર્ગ સાધી રહ્યા છીએ, ને બધાય અર્હંત ભગવંતોએ પણ આ જ રીતે મોક્ષમાર્ગની ઉપાસના કરી હતી એમ નિઃશંકપણે અમારા નિર્ણયમાં આવે છે.

જો દેહમય લિંગ કે તે તરફના શુભવિકલ્પો તે મોક્ષનું કારણ હોય તો અર્હંત–ભગવંતો તેનું મમત્વ છોડીને દર્શન–જ્ઞાન–ચારિત્રની ઉપાસના શા માટે કરત? દ્રવ્ય–લિંગથી જ મોક્ષ પામત!–પરંતુ અર્હંતભગવંતોએ તો દેહાદિથી ને રાગાદિથી વિમુખ થઈને, શુદ્ધજ્ઞાનમય ચિદાનંદતત્ત્વની સન્મુખતા વડે દર્શન–જ્ઞાન–ચારિત્રની જ ઉપાસના કરી; માટે એ નક્કી થયું કે દેહમય લિંગ તે મોક્ષમાર્ગ નથી, રાગ પણ મોક્ષમાર્ગ નથી, પરમાર્થે દર્શન–જ્ઞાન–ચારિત્રની ઉપાસના તે જ મોક્ષમાર્ગ છે. દર્શન–જ્ઞાન–ચારિત્રની ઉપાસના કઈ રીતે થાય? કે શુદ્ધ જ્ઞાનમય આત્માના સેવનથી જ તે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગની ઉપાસના થાય છે.

અહા ! આચાર્યદેવની કેટલી નિઃશંકતા ! અંદર પોતે તો નિર્વિકલ્પઅનુભવમાં ઝૂલતા ઝૂલતા આવા મોક્ષમાર્ગને સાધી રહ્યા છે, ને બેધડકપણે કહે છે કે બધાય ભગવાન અર્હંતદેવોને શુદ્ધજ્ઞાનમયપણું છે, ને તેઓએ દ્રવ્યલિંગના આશ્રયભૂત શરીરનું મમત્વ છોડી દીધું છે, એટલે દ્રવ્યલિંગના ત્યાગવડે દર્શન–જ્ઞાન–ચારિત્રની મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામાં આવે છે. બધાય તીર્થંકરોએ મોક્ષમાર્ગ આ એક જ રીતે ઉપાસ્યો છે, એમ અમારા જોવામાં આવે છે.

કોઈ કહે કે “જોવામાં આવે છે” એમ કહ્યું તો શું આચાર્યદેવે અર્હંતદેવોને નજરે જોયા છે ? અત્યારે કે કુંદકુંદાચાર્યદેવ હતા ત્યારે પણ અહીં અર્હંતદેવ તો ન હતા !

તો તેને અહીં કહે છે કે હે ભાઈ ! આત્મામાં સ્વાનુભવ–પ્રત્યક્ષથી જ્યાં સાક્ષાત્ અનુભવ થયો, ત્યાં નિઃસંદેહ ખાતરી થઈ ગઈ કે બસ, આવો જ મોક્ષમાર્ગ ત્રણેકાળે હોય. અને વળી કુંદકુંદાચાર્યદેવને તો વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ તીર્થંકરભગવાનનો ભેટો પણ થયો હતો, આઠ દિવસ સુધી ભગવાન સીમંધર પરમાત્માની સભામાં દિવ્યધ્વનિનું સાક્ષાત્ શ્રવણ કર્યું હતું, જ્યાં અનેક કેવળજ્ઞાની ભગવંતો બિરાજતા હતા, જ્યાં ગણધરદેવો અને મુનિવરોનાં ટોળાં આવા મોક્ષમાર્ગને સાધતા હતા,–તેમને નજરે નીહાળીને, અને તેવો મોક્ષમાર્ગ પોતાના આત્મામાં પ્રગટાવીને આચાર્યદેવ કહે છે કે ભાઇ, મોક્ષમાર્ગ તો આ શુદ્ધ જ્ઞાનમય આત્માના આશ્રયે રત્નત્રયની ઉપાસનાથી જ છે, –એમ અમારા જોવામાં આવે છે, બીજો કોઇ મોક્ષમાર્ગ અમારા જોવામાં આવતો નથી.

**અહા ! જેને સાધકપણું પ્રગટાવવું હોય તેને સાધકપણું કેમ પ્રગટે તેની આ વાત છે. મોક્ષને સાધવા માટે સૂત્રની અને સંતોની આજ્ઞા તો આમ છે કે તું તારા સ્વદ્રવ્યનો આશ્રય કરીને તેમાં જ વિહર ! તું તારા આત્માને રત્નત્રયમાં જોડ....તો તું મોક્ષમાર્ગમાં આવ્યો-એમ સૂત્રની અને સંતોની સંમતિ છે.**

આત્માનો વીતરાગી જ્ઞાનસ્વભાવ છે. તે વીતરાગીસ્વભાવની નિર્વિકલ્પ–વીતરાગી શ્રદ્ધા, તેનું વીતરાગીજ્ઞાન, ને તેમાં વીતરાગી લીનતા,–એવા રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગ છે.

આવા મોક્ષમાર્ગ સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. માટે જેણે સાધકપણું પ્રગટાવવું હોય ને મોક્ષને સાધવો હોય તેણે આત્માના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન


–ચારિત્રરૂપ તીર્થની ઉપાસના કરવી. દ્રવ્યલિંગ તો શરીરાશ્રિત હોવાથી પરદ્રવ્ય છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી.

દ્રવ્યલિંગને શરીરાશ્રિત કહ્યું તેમાં વ્રત–મહાવ્રતના શુભવિકલ્પો પણ સમજી લેવા, કેમકે તે પણ પરદ્રવ્યને જ આશ્રિત છે, તેથી તે મોક્ષનું કારણ નથી.

મોક્ષનું કારણ તો સ્વદ્રવ્યને આશ્રિત જ હોય; સ્વદ્રવ્યને એટલે કે આત્માના સ્વભાવને આશ્રિત એવા જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે જ મોક્ષમાર્ગ છે,–એમ કહે છે....

–'કોણ કહે છે?' કે ભગવાન જિનદેવો કહે છે. સર્વે જિનેન્દ્રભગવંતોએ શુદ્ધજ્ઞાનના આશ્રયે ( એટલે કે શુદ્ધ આત્માના આશ્રયે ) જ મોક્ષમાર્ગની આરાધના કરી; ને તે જિનભગવંતોએ બીજા મુમુક્ષુ શ્રોતાજનોને પણ એ જ મોક્ષમાર્ગ કહ્યો.

ગીરનાર વગેરે મોક્ષધામની યાત્રાનો ભાવ કુંદકુંદઆચાર્ય જેવા મહા સંતોને પણ આવ્યો હતો, તેઓ ગીરનારજીતીર્થની યાત્રાએ પધાર્યા હતા, એવો બહુમાનનો વિકલ્પ ધર્મીને આવે છે. શ્રીમદ્ રાજચંદ્રજી પણ દક્ષિણદેશના પર્વતો નીહાળીને બહુમાનથી કહે છે



કે અહો! એ તરફના નગ્ન ઊંચા અડોલવૃત્તિથી ઉભેલ પહાડ નીરખી સ્વામી કાર્તિકેયાદિ ( મુનિઓ )ની અડોલ વૈરાગ્યમય દિગમ્બરવૃત્તિ યાદ આવતી હતી. તે સ્વામી કાર્તિકેયાદિને નમસ્કાર.

જુઓને! બાહુબલી ભગવાન કેવા અડોલ ઊભા છે! જાણે મોક્ષને કેમ સાધ્યો તે દર્શાવી રહ્યા હોય! ! એવો અદ્ભુત દેખાવ છે.

–આ રીતે મોક્ષમાર્ગના પ્રેમીને તીર્થધામ પ્રત્યે પણ બહુમાનનો ભાવ આવે છે. રત્નત્રયરૂપે પરિણમેલ જીવને પણ 'તીર્થ' કહેવાય છે, કેમકે જેનાથી તરાય તે તીર્થ છે; રત્નત્રયરૂપ નૌકાવડે તે સંસારને તરે છે માટે તે તીર્થ છે. **અનુભવની પ્રીતિવાળા મુમુક્ષુજીવને આવા પરમાત્મા કે ધર્માત્મા પ્રત્યે પરમ પ્રીતિ ને બહુમાન આવે છે.**

પરંતુ અંતરમાં ધર્માત્માને તે વખતે ભાન છે કે આ ભાવ પરદ્રવ્યાશ્રિત છે, તે મારા મોક્ષનું સાધન ખરેખર નથી; જેટલો ભાવ મારા સ્વદ્રવ્યને અવલંબે તે જ મોક્ષનું સાધન છે.

અહીં કોઈ એક જીવની વાત નથી, આ તો મહા સિદ્ધાંત છે એટલે બધાય જીવોને માટે ત્રણે કાળનો અબાધિત નિયમ છે. કોઇ પણ ક્ષેત્રે જ્યારે જે કોઈ જીવને મોક્ષ સાધવો હોય તે આ નિયમઅનુસાર જ મોક્ષને સાધી શકે છે. 'सम्यग्दर्शन–ज्ञान–चारित्राणि मोक्षमार्गः ' એમ મોક્ષશાસ્ત્રનું પહેલું જ સૂત્ર છે, તે આખા જગતને ત્રિકાળ લાગુ પડે છે. અને તેના બીજડાં આ સમયસારમાં ભરેલાં છે.

સર્વ કર્મરહિત પૂર્ણ શુદ્ધ આત્મપરિણામ તે મોક્ષ છે; તો તે મોક્ષનું કારણ પણ તેવી જાતનું જ હોવું જોઈએ, એટલે કે મોક્ષના કારણરૂપ પરિણામ પણ કર્મરહિત, શુદ્ધ હોવા જોઈએ. જે પરિણામથી કર્મ બંધાય તે પરિણામ મોક્ષનું સાધન નથી. આત્માના આશ્રયે થતા જે વીતરાગી શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપ પરિણામ તે જ મોક્ષનું સાધન છે. –એ નિયમ છે.

માટે હે ભવ્ય! તારા આત્માને તું આવા મોક્ષમાર્ગમાં જોડ! ને બીજા ભાવોનું મમત્વ છોડ! સ્વદ્રવ્યને આશ્રિત સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ તેમાં જ તારા આત્માને જોડ–એમ સૂત્રની અનુભૂતિ છે.

અહા! જેને સાધકપણું પ્રગટાવવું હોય તેને સાધકપણું કેમ પ્રગટે તેની આ વાત છે. મોક્ષને સાધવા માટે સૂત્રની અને સંતોની આજ્ઞા તો આમ છે કે તું તારા સ્વદ્રવ્યનો આશ્રય કરીને તેમાં જ વિહર! તું તારા આત્માને સ્વદ્રવ્યમાં જોડ.....તો તું મોક્ષમાર્ગમાં આવ્યો–એમ સૂત્રની અને સંતોની સંમતિ છે.

[ જુઓ પાનું: ૩૧ ]

## મેરે નયનોંમેં પ્રભુ વસે

**જેના હૃદયમાં ભગવાન બિરાજે છે, જેનું જ્ઞાન અંતર્મુખ થયું છે, અંતરની દ્રષ્ટિ જેને ઊઘડી છે એવો ભક્ત ભગવાન પ્રત્યે કહે છે કે-**

**હે ભગવાન! આ બાહ્ય ઇન્દ્રિયચક્ષુથી આપ મને ભલે ન દેખાઓ, પણ અંતરમાં ખુલેલા મારા મતિશ્રુતજ્ઞાનનાં ચક્ષુથી આપ દૂર નહિ રહી શકો. મારા સ્વસન્મુખ અતીન્દ્રિય જ્ઞાનચક્ષુમાં તો આપ સાક્ષાત્ બિરાજી જ રહ્યા છો....આપના નિઃશંક શ્રદ્ધા-જ્ઞાન વર્તે છે.... અંતરનયનો વડે હું આપને દેખી જ રહ્યો છું.**

**"મેરો પ્રભુ નહિ દૂર દીસન્તર, મોહિમેં હૈ મોહે દીસત નીકે"**

# વીરપ્રભુની પરંપરાથી આવેલા પરમાગમનું તાત્પર્ય

**સર્વજ્ઞપરંપરામાં દિગંબર આચાર્યોએ ટકાવેલો મોક્ષમાર્ગ આજે પણ પરમાગમમાં પ્રસિદ્ધ છે. મહા ભાગ્યે આપણને પણ તે માર્ગ ગુરુદેવે આપ્યો છે. પરમાગમમંદિરનો મહોત્સવ નજીક આવી રહ્યો છે ત્યારે વીરનાથની પરંપરાના પરમાગમમાં કહેલો સત્ય માર્ગ જાણીને મુમુક્ષુઓ આનંદિત થશે.**

(સૂત્રપ્રાભૃતના પ્રવચનોમાંથી).

અહો, સર્વજ્ઞની પરંપરાથી આવેલા વીતરાગી–જિનસૂત્ર આજે મહાભાગ્યે આપણને મળ્યા છે; આવા જિનસૂત્રમાંથી પરમાર્થમાર્ગ શોધી શકાશે. સર્વજ્ઞે કહેલું ને વીતરાગીસંતોએ સ્વાનુભવ કરીને પરંપરા ટકાવેલું ભાવશ્રુત, તેનો ઉપદેશ આ સમયસારાદિ જિનાગમમાં ભર્યો છે; તેનાથી સૂત્ર અને અર્થ જાણીને, પરમાર્થમાર્ગનો નિશ્ચય કરીને આજે પણ ભવ્યજીવો મોક્ષમાર્ગને પામે છે.

અરે, જેની પાસે સૂત્ર જ સાચાં નથી, જેની પરંપરા સાચી નથી, વીતરાગી સંતોની પરંપરા તોડીને જે કલ્પિત માર્ગ ચાલ્યા ને કલ્પિત સૂત્રો રચાયાં તેમાં મોક્ષમાર્ગનો પરમાર્થ ઉપદેશ નથી, એટલે એવા માર્ગમાં કે એવા શાસ્ત્રમાંથી પરમાર્થ મોક્ષમાર્ગ શોધી શકાય નહીં. ભાઈ, તારા હિત માટે તું સાચા માર્ગનો નિર્ણય કર, અને તે સાચો માર્ગ બતાવનારા વીતરાગ સર્વજ્ઞ દેવ–ગુરુ–શાસ્ત્રને ઓળખીને તેની પરંપરાનો સ્વીકાર કર.

જુઓ, મહાવીર ભગવાનના નિર્વાણનું ૨૫૦૦ (અઢી હજાર) મું વર્ષ બેઠું છે ને આ મહાવીર ભગવાનની પરંપરાની વાત આવી છે. ભગવાનની પરંપરામાં થયેલા

આચાર્યોએ જે સૂત્ર અને અર્થ કહ્યા છે તેના દ્વારા સાચા માર્ગને જાણીને ભવ્યજીવો નિર્વાણને સાધે છે.–આવો સત્ય માર્ગ કુંદકુંદાચાર્યદેવ વગેરે દિગંબર સંતોએ ટકાવી રાખ્યો છે, તે આજે પણ ચાલી રહ્યો છે.

જિનસૂત્રમાં કોઈપણ રીતે રાગાદિકભાવો મટાડવાનું પ્રયોજન છે, અને રાગ–રહિત ચિદાનંદતત્ત્વના અનુભવનું તાત્પર્ય છે. આવા પ્રયોજનની સિદ્ધિ ભગવાને કહેલા પરમાગમની પરંપરામાં જ થાય છે. ચૈતન્યતત્ત્વ અને રાગાદિતત્ત્વ બંને ભિન્ન છે–એવું ભેદજ્ઞાન કરાવીને રાગને મટાડે છે,–એ રીતે જીવ પરમાગમનું રહસ્ય જાણીને, મોક્ષમાર્ગ પામે છે.

ભગવાને કહેલા બધા પરમાગમ તો આજે વિદ્યમાન નથી તો પરમાર્થરૂપ મોક્ષમાર્ગ કેમ સાધી શકાય? એવા પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે, ભગવાનના કહેલા પરમાગમનો અંશ આજે પણ વિદ્યમાન છે. ભગવાને કહેલા બધા પરમાગમ આજે ભલે વિદ્યમાન ન હોય, પરંતુ તેના એક અંશમાં પણ મોક્ષમાર્ગ બતાવવાનું સામર્થ્ય છે. ભલે શાસ્ત્રો થોડા છે, પણ તે વીતરાગીસંતોની પરંપરાથી આવેલા છે, તેમાં વીતરાગદેવે કહેલો મૂળમાર્ગ જળવાઈ રહ્યો છે. અહો, દિગંબર આચાર્યોએ માર્ગ ટકાવીને અથાગ – અપાર ઉપકાર કર્યો છે.

મહાવીરભગવાનની પરંપરાથી ચાલ્યા આવેલા પરમાગમનો અત્યંત મહિમા કરતાં ષટ્‌ખંડાગમમાં શ્રી વીરસેનસ્વામી કહે છે કેઃ મોક્ષાભિલાષી ભવ્ય જીવોએ આવા વીતરાગી પરમાગમનો અભ્યાસ કરવો જોઈએ. મહાવીર ભગવાન મોક્ષ પધાર્યા પછી ૬૨ વર્ષ સુધી તો આ ભરતક્ષેત્રમાં કેવળજ્ઞાનની ધારા અખંડ રહી. પછી કેવળજ્ઞાનનો તો વિચ્છેદ થયો પણ બાર અંગધારી પાંચ શ્રુતકેવળીભગવંતો થયા, તેમના દ્વારા શ્રુતજ્ઞાનની ધારા ૧૦૦ વર્ષ સુધી અખંડ ચાલી. પછી શ્રુતજ્ઞાન પણ ક્રમેક્રમે ઘટવા માંડયું.–તોપણ, ઘટતાં–ઘટતાં તેનો એક અંશ આજેય વીતરાગી સંતોના પ્રતાપે આપણને પ્રાપ્ત થાય છે...તે પણ અમૃત છે. તેના અભ્યાસ માટે પ્રેરણા કરતાં વીરસેન સ્વામી ( ષટ્‌ખંડાગમ પુસ્તક ૯, પાનું ૧૩૩–૧૩૪ માં ) કહે છે કે–

“આ પરમાગમ–ગ્રંથ ત્રિકાળવિષયક સમસ્ત પદાર્થોનો વિષય કરનારા પ્રત્યક્ષ અનંત કેવળજ્ઞાનના પ્રભાવથી પ્રમાણીભૂત હોવાથી, અને વીતરાગી આચાર્યોની

પરંપરાથી આવ્યા હોવાથી, પ્રત્યક્ષ તેમજ અનુમાનથી અવિરુધ્ધ છે,–દ્રષ્ટ–ઇષ્ટના વિરોધથી રહિત છે, તેથી પ્રમાણભૂત છે. માટે મોક્ષના અભિલાષી ભવ્યજીવોએ આ પરમાગમનો અભ્યાસ કરવો જોઈએ.”

“કોઈ કહે કે–આ ગ્રંથ તો અલ્પ છે (અર્થાત્ બાર અંગનું શ્રુતજ્ઞાન ઘટતું ઘટતું ઘણું અલ્પ રહ્યું છે) તેથી મોક્ષરૂપી કાર્યને ઉત્પન્ન કરવા તે અસમર્થ છે!–તો આચાર્ય-દેવ કહે છે કે હે ભાઈ! એવો વિચાર ન કર. કેમકે અમૃતના સો ઘડા પીવાનું જે ફળ છે તે ફળ અમૃતનો એક ખોબો પીવામાં પણ પ્રાપ્ત થાય છે; તેમ સર્વજ્ઞદેવની પરંપરાથી આવેલ વીતરાગ–પરમાગમરૂપી અમૃત ભલે ઓછું હોય તોપણ તેના અભ્યાસથી અપૂર્વ આત્મકલ્યાણરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થઈ શકે છે.” માટે મોક્ષાર્થી જીવોએ પરમાગમનો અભ્યાસ જરૂર કરવો.

## 卐 જિનસૂત્રના ભાવશ્રુતની અપાર તાકાત 卐

અહો, જિનસૂત્રમાં કહેલા ભાવશ્રુતનું જેને જ્ઞાન છે તે જીવ ભવસમુદ્રમાં ડુબતો નથી. ચારગતિમાં રહેલો જે કોઇ જીવ આત્માની પર્યાયમાં શ્રુતજ્ઞાનરૂપી સૂત્ર પરોવી લ્યે છે તે જીવ (સૂત્ર પરોવેલી સોયની માફક) સંસારમાં ખોવાતો નથી, પણ સંસારભ્રમણને છેદીને મોક્ષદશાને પામે છે. ભવ પલટી જવા છતાં જ્ઞાનધારા તૂટયા વગર, તે અલ્પકાળમાં મોક્ષને સાધી લેશે.–એવો વીતરાગી જિનસૂત્રના સમ્યગ્જ્ઞાનનો મહિમા છે.

જિનસૂત્ર ચૈતન્યનો પૂરો સ્વભાવ દેખાડે છે. નવે તત્ત્વોનું જ્ઞાન કરાવીને તેમાં હેય–ઉપાદેય શું છે તે ઓળખાવે છે. તેને ઓળખતાં સ્વસંવેદનવડે ચૈતન્યચમત્કારરૂપ આત્મસત્તા પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે. તે જીવ સંસારની ગતિમાં રહેલો હોવા છતાં સંસારમાં ડુબતો નથી. ચૈતન્યતત્ત્વ અતીન્દ્રિય છે, ઇન્દ્રિયોથી અદ્રશ્ય છે, છતાં જિનસૂત્રના જ્ઞાનવડે તેનું સ્વરૂપ જાણીને સ્વસંવેદનમાં તે પ્રત્યક્ષ થાય છે. શ્રુતજ્ઞાનની તાકાત કોઈ અદ્ભુત અપાર છે. ભાવશ્રુતજ્ઞાન સ્વસન્મુખ થઈને આત્માના સ્વરૂપને વેદે છે, તે સ્વસંવેદનમાં સર્વ આગમનો સાર આવી જાય છે.

જિનાગમમાં કહેલાં જીવ–અજીવ વગેરે તત્ત્વોનું, અને તેમાં હેય–ઉપાદેય તત્ત્વોનું સાચું જ્ઞાન કરનાર જીવ સમ્યગ્દ્રષ્ટિ છે. અહો, ભગવાને કહેલાં આવાં જિનસૂત્ર આજે દિગંબર જૈનઆચાર્યોની પરંપરાથી પ્રાપ્ત થાય છે. આવા જિનસૂત્રને

પામીને હે જીવ! તું તારા આત્માને સ્વસંવેદન–પ્રત્યક્ષ કરી લે. ભગવાને કહેલું જ્ઞાન ભવનું નાશક છે.

જિનકથિત દ્રવ્યશ્રુતનું સાચું જ્ઞાન જ ત્યારે થાય કે જ્યારે અંતર્મુખ થઈને શુદ્ધઆત્મતત્ત્વને સ્વસંવેદનગોચર કરે.–આવું ભાવશ્રુત તે જ જૈનશાસન છે. અહા, વીતરાગવાણીની શી અદ્‌ભુત રચના છે! એનું જ્ઞાન કરતાં આનંદના તરંગ ઊછળે છે.

કોઇ અજ્ઞાની જીવ ભલે ૧૧ અંગ ભણ્યો હોય તોપણ તે જીવ જિનસૂત્રના સમ્યગ્જ્ઞાનથી રહિત છે, તે ભલે નવમી ગ્રૈવેયકમાં હોય તોપણ તે સંસારગત છે, તે મોક્ષને પામતો નથી.

અને ભાવશ્રુતવડે જિનસૂત્રનો જ્ઞાતા સમ્યગ્દ્રષ્ટિજીવ, ભલે વિશેષ શાસ્ત્રો ન ભણ્યો હોય, કદાચ નરકમાં હોય, તોપણ તે જીવ સંસારગત નથી, ત્યાંથી નીકળીને એકાદ ભવમાં તે મોક્ષ પામી જશે.–એ ભાવશ્રુત જ્ઞાનનો મહિમા છે.

## 卐 મુમુક્ષુ જીવોનાં મહાન ભાગ્ય અને મહાન પુણ્યયોગ 卐

અહો, વીતરાગી જિનાગમ આત્માના સમ્યક્‌સ્વભાવનું જ્ઞાન કરાવે છે. આ સમ્યગ્જ્ઞાન જીવને સંસારસમુદ્રમાં ડુબવા નહીં દે; સમ્યગ્જ્ઞાનના ચૈતન્યદીવડા પ્રગટાવ્યા તે જીવ હવે મોક્ષ પામશે, તેણે જ ખરી દીપાવલી કરી. જ્ઞાનના મહિમાપૂર્વક ગુરુદેવ કહે છે કે અહો! આવું અપૂર્વ સમ્યગ્જ્ઞાન બતાવનારાં જિનસૂત્રો (સમયસારાદિ) અહીં પરમાગમમંદિરમાં કોતરાઈ ગયાં, તેમાં આખા સમાજના પુણ્ય ભેગાં છે. બેન જેવા આત્માઓનાં તો પુણ્ય છે જ, ને આખા સમાજના પણ મહા ભાગ્ય છે કે આ કાળે આવા પરમાગમ પ્રસિદ્ધિમાં આવ્યા! (ગુરુદેવની આ વાત શ્રોતાજનોએ હર્ષપૂર્વક વધાવી લીધી, ને કહ્યું કે અહો ગુરુદેવ! આ બધો આપનો જ પ્રતાપ છે.)

જિનાગમમાં તો બધા તત્ત્વોનું જ્ઞાન કરાવ્યું છે. જીવ–અજીવ, પુણ્ય–પાપ, બંધ – મોક્ષ, એ બધાનું સ્વરૂપ જિનાગમ ઓળખાવે છે, ને તેમાં પુણ્ય–પાપ વગરનો શુદ્ધઆત્મા ઉપાદેય છે, તેના આશ્રયે સંવર–નિર્જરા–મોક્ષદશા પ્રગટે છે. શુદ્ધ આત્માની મુખ્યતાથી અધ્યાત્મનું નિરૂપણ છે.

## 卐 મહાવીરનો સન્દેશ છે કે ચૈતન્યજીવન જીવો 卐

જીવ તો જ્ઞાનઆનંદમય સત્તા છે; તે ચૈતન્યસત્તાથી તે જીવન જીવનારો છે.

ઇન્દ્રિય કે મનથી કાંઈ તેનું જીવન નથી.–આવા આત્માને ઓળખીને ચૈતન્યના આશ્રયે જે જ્ઞાન–આનંદમય અતીન્દ્રિયભાવ પ્રગટયો તે જ જીવનું સાચું જીવન છે. આવું જીવન ધર્મી જીવે છે, ને જગતને પણ તેવા જ જીવનનો ઉપદેશ આપે છે.–આવું જીવન જીવવું – તે મહાવીરનો સન્દેશ છે. જે જીવનમાં આત્માની શાંતિ આવે ને જેના ફળમાં મોક્ષ થાય, એ જ સાચું જીવન છે. અન્ન–વસ્ત્ર કે ઇન્દ્રિયોને આધીન જીવવું એ કાંઈ સાચું જીવન નથી.

## અંતરની અપૂર્વ અનુભૂતિ,–તે બીજાને કઇ રીતે બતાવવી !

ધર્માત્મા ચૈતન્યજીવનથી જે આનંદ અનુભવે છે તેની ઇન્દ્રિયજ્ઞાનવાળા જીવોને કલ્પના આવી શકતી નથી. જેમ એક કાચબો, લીલફૂગથી ઢંકાયેલા સરોવરમાં પાણી ઉપર આવ્યો ને લીલફૂગના પડમાં તીરાડ પડતાં ઉપર પૂનમનો ઝગઝગતો ચંદ્ર જોયો. આશ્ચર્યથી તે બીજા કાચબાને તેડવા ગયો ને કહ્યું કે મેં કંઈક અદ્‌ભુત વસ્તુ જોઈ, ચાલો તમને બતાવું. બધા કાચબા પાણી ઉપર આવ્યા, પણ ત્યાં તો લીલફૂગનું પડ પાછું ભેગું થઈ ગયું હતું એટલે ચંદ્ર ન દેખાયો; બીજા કાચબા કહેવા લાગ્યા કે તેં કાંઇ જોયું નથી, તું જૂઠું કહે છે; તેં જોયું હોય તો અમને બતાવ ! પહેલો કાચબો મનમાં સમજ્યો કે મેં તો અપૂર્વ વસ્તુ જોઈ છે પણ આ લોકોને કઈ રીતે બતાવું ! તેમ ધર્મી જીવ અનંતકાળના મોહનો પડદો ચીરીને પોતાના અતીન્દ્રિય ચૈતન્યતત્ત્વના દર્શનથી મહા આનંદિત થાય છે. બીજા જીવોને પણ કહે છે કે આત્મા ઇન્દ્રિયાતીત મહા આનંદથી ભરેલ તત્ત્વ છે, તેને દેખતાં મહા આનંદ થાય છે. પણ ઇન્દ્રિયજ્ઞાન દ્વારા જીવો તેને દેખી શકતા નથી એટલે તેને તેનો વિશ્વાસ આવતો નથી; તે કહે છે કે અમને તો આત્માનો આનંદ કંઈ દેખાતો નથી, તમે દેખ્યો હોય તો અમને બતાવો. જ્ઞાની અંતરમાં સમજે છે કે મેં તો સ્વાનુભવથી અંતરમાં ચૈતન્યવસ્તુને સાક્ષાત્ જોઈ છે, તેના અતીન્દ્રિય આનંદનો અપૂર્વ સ્વાદ ચાખ્યો છે, પણ બીજા ઇન્દ્રિયજ્ઞાનવાળા જીવોને તે કઈ રીતે બતાવું ? મોહનો પડદો દૂર કરી ચૈતન્યઆંખ ખોલીને પોતે જુએ તો આત્માના અપાર મહિમાની ખબર પડે. પરમાગમ તો આત્માના મહિમાને પ્રસિદ્ધ કરી–કરીને બતાવે છે.

## 卐 પરમાગમનું ફરમાનઃ સિદ્ધપ્રભુના સમાચારઃ ચૈતન્યજીવન 卐

ચૈતન્યની જાતરૂપ થઈને ચૈતન્યનો અનુભવ થાય છે. રાગમાં રહીને ચૈતન્ય–વસ્તુનો અનુભવ થઈ શકતો નથી. ચૈતન્યની અનુભૂતિ થઈ તે પર્યાય પોતે ચૈતન્ય–

મય છે, તે રાગથી ભિન્ન છે, એટલે તે અનુભૂતિને આત્મા જ કહેવાય છે; આત્માથી તે જુદી વસ્તુ નથી.–આવી અનુભૂતિ કરવી તે પરમાગમનું ફરમાન છે.

રાગનો અનુભવ તે જીવનું જીવન નથી, રાગનો અનુભવ તે આત્મા નથી; એ તો અનાત્મભાવ છે, ભાવમરણ છે, ચૈતન્યનું આનંદમય જીવન તેમાં હણાય છે. ભેદજ્ઞાન વડે રાગથી ભિન્ન, ઇન્દ્રિયોથી ભિન્ન, અતીન્દ્રિય ચૈતન્યવસ્તુની અનુભૂતિરૂપ જીવન તે જ આત્માનું સાચું જીવન છે, તે સાચો આત્મા છે; તેમાં જન્મ–મરણના દુઃખનો અભાવ છે; તે ચૈતન્યજીવન આનંદથી ભરેલું છે. ભાઈ, જૈન થઈને તું એક વાર આવું વીતરાગી જીવન જીવતાં શીખ. તને મહા આનંદ થશે. વીતરાગી સંતો અને અરિહંતો –સિદ્ધો આવું વીતરાગ–ચૈતન્યજીવન જીવે છે, તે જ સાચું જીવન છે.–

**તારું જીવન ખરું તારું જીવન......**
**જીવી જાણ્યું નેમનાથે જીવન....**
**સુતાં રે બેસતાં, જાગતાં ઊઠતાં....**
**હૈડે રહે તારું ખૂબ રટન....**

રાગથી ભિન્ન ચૈતન્યજીવન ધર્મીના અંતરમાંથી એકક્ષણ પણ ખસતું નથી. રાગથી ભિન્ન એવું વૈરાગ્યજીવન, એકલા આત્માના આશ્રયે જીવાય છે, તેમાં બીજા કોઇ સાધનની (ધનની કે અન્નની) જરૂર પડતી નથી. તે જીવન ચૈતન્યપ્રાણથી જીવાય છે; તે જ આનંદમય સત્ય જીવન છે. તે જ પ્રભુ મહાવીરનો સંદેશ છે. આવું અતીન્દ્રિય આનંદમય ચૈતન્યજીવન અમે જીવીએ છીએ–અને તમે પણ એવું આનંદમય ચૈતન્યજીવન જીવો–એમ સિદ્ધપ્રભુના સમાચાર છે.

વિદેહક્ષેત્રમાં જઈને કુંદકુંદાચાર્યદેવ સીમંધરપરમાત્મા પાસેથી આ સમાચાર લાવ્યા છે કે મોક્ષમાર્ગ શુદ્ધરત્નત્રયસ્વરૂપ છે; રાગ કે શરીરની ક્રિયા તે મોક્ષમાર્ગ નથી. આવો મોક્ષમાર્ગ શુદ્ધાત્માના આશ્રયે અત્યારે આ ભરતક્ષેત્રે પંચમકાળમાં પણ થઈ શકે છે. આત્માથી 'ન થઈ શકે' એવું ભગવાનના શાસનમાં છે જ નહિ. હકાર લાવીને કરે તો અત્યારે પણ મોક્ષમાર્ગ થાય છે. અનેક જીવો આત્માનો અનુભવ કરીને મોક્ષમાર્ગને પામેલા અત્યારે પણ વિદ્યમાન છે. માટે તું પણ તારા આત્માને ઉત્સાહથી મોક્ષમાર્ગ–પર્યાયમાં જોડ. એ વીરનો માર્ગ છે. શૂરવીર થઇને તું વીરના માર્ગમાં આવી જા. તને અપૂર્વ આનંદજીવન પ્રાપ્ત થશે.

# મહાવીરના ભક્તો....આવો મોક્ષમાર્ગમાં

[ લેખ પાનું ૨૩ થી ચાલુ ]

જે જીવ મોક્ષાર્થી છે, મોક્ષનો ઇચ્છુક છે એવા સુપાત્ર ભવ્ય જીવને સંબોધીને આચાર્યદેવ આદેશ કરે છે કે હે ભવ્ય! તું તારા આત્માને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગમાં સ્થાપ!

**તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને,**
**તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે.**

હે ભવ્ય! તું મોક્ષમાર્ગમાં તારા આત્માને સ્થાપ, તેનું જ ધ્યાન કર, તેને જ ચેત–અનુભવ અને તેમાં જ નિરંતર વિહાર કર; અન્ય દ્રવ્યોમાં ન વિહર.

જુઓ, આચાર્યદેવ સુપાત્ર મોક્ષાર્થી જીવને આજ્ઞા કરીને મોક્ષમાર્ગમાં પ્રેરે છે. મોક્ષાર્થીજીવે શું કરવું? કે દેહાદિનું અને રાગાદિનું મમત્વ છોડીને મોક્ષમાર્ગમાં પોતાના આત્માને સ્થાપવો. હે જીવ! અનાદિથી બંધમાર્ગમાં આત્માને સ્થાપ્યો છે, ત્યાંથી પાછો વાળીને તારા આત્માને હવે મોક્ષમાર્ગમાં સ્થાપ.

આચાર્ય ભગવાને પોતાના આત્માને તો મોક્ષમાર્ગમાં સ્થાપ્યો છે, પોતે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમીને તે મોક્ષમાર્ગમાં આત્માને સ્થાપ્યો છે, ને બીજા મોક્ષાર્થીને સંબોધીને કહે છે કે હે ભવ્ય! તું તારા આત્માને મોક્ષમાર્ગમાં સ્થાપ. ‘અનાદિકાળથી પોતાના અજ્ઞાન–દોષને લીધે વિકારમાં જ સ્થિત રહ્યો છે તો હવે મોક્ષમાર્ગમાં સ્થિત કેમ થાય?–એમ કોઈને સંદેહ થાય તો આચાર્યદેવ કહે છે કે હે ભવ્ય! તું મુંઝા મા! પોતાની પ્રજ્ઞાના દોષને કારણે અનાદિથી વિકારમાં સ્થિર હોવા છતાં હવે ભેદજ્ઞાનવડે તેનાથી આત્માને પાછો વાળીને મોક્ષમાર્ગમાં સ્થિર કરી શકાય છે. માટે અમે કહીએ છીએ કે હે ભવ્ય! તારી પ્રજ્ઞાના ગુણવડે એટલે કે ભેદજ્ઞાનના બળવડે તારા આત્માને તું વિકારથી પાછો વાળ ને મોક્ષમાર્ગમાં સ્થાપ.

આચાર્યદેવ ઘણા ઘણા પ્રકારે જીવ–અજીવનું ભેદજ્ઞાન સમજાવીને ૨૮ મા કળશમાં કહે છે કે અહા, આવું સ્પષ્ટ જીવ–અજીવનું ભિન્નપણું અમે બતાવ્યું, તો હવે કયા જીવને તત્ક્ષણ જ ભેદજ્ઞાન ન થાય? હવે તો જરૂર ભેદજ્ઞાન થાય જ! માટે

હે ભવ્ય! હવે આવા ભેદજ્ઞાન બળવડે તારા આત્માને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષપંથમાં તું પરિણમાવ.

નિર્મળપર્યાયમાં આત્માને સ્થાપ–એમ કહો, કે આત્માના સ્વભાવમાં પર્યાયને એકાગ્ર કર–એમ કહો, બંનેનું તાત્પર્ય એક જ છે; દ્રવ્ય પર્યાયની અભેદ અનુભૂતિમાં 'આ પર્યાય ને આ દ્રવ્ય' એવા વિકલ્પો નથી, ભેદ નથી. જે આવી અનુભૂતિ કરે તેણે પોતાના આત્માને મોક્ષમાર્ગમાં સ્થાપ્યો છે.

જુઓ, અહીં "દર્શન–જ્ઞાન–ચારિત્રના પરિણામને તું આત્મા તરફ વાળ"–એમ કહેવાને બદલે, "તારા આત્માને દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થાપ"–એમ કહ્યું, એટલે રત્નત્રયની મોક્ષમાર્ગપર્યાયરૂપે તારા આત્માને પરિણમાવીને તેમાં જ આત્માને સ્થાપ. પહેલાં બીજી ગાથામાં, 'દર્શન–જ્ઞાન–ચારિત્રમાં જે સ્થિત છે તે સ્વસમય છે' એમ કહ્યું તેનો જ આ ઉપદેશ છે.

કોઈ કહેઃ પર્યાય તો અસ્થિર છે તેમાં આત્માને સ્થાપવાનું કેમ કહો છો? તો કહે છે કે જ્યાં દ્રવ્ય–પર્યાયના ભેદનો વિકલ્પ છોડીને અભેદઅનુભૂતિરૂપ થયો ત્યાં આત્મા નવી–નવી સમ્યક્ત્વાદિ નિર્મળપર્યાયરૂપે જ પરિણમ્યા કરે છે એટલે તે આત્મા મોક્ષમાર્ગમાં જ નિશ્ચલ રહે છે; તેથી તેણે મોક્ષમાર્ગ પર્યાયમાં પોતાના આત્માને નિશ્ચલ સ્થાપ્યો છે.

હે ભાઈ! તું અત્યારસુધી પરમાં વળ્યો–હવે તું સ્વમાં વળ! પરમાં પણ તું તારા અપરાધથી જ વળ્યો હતો, ને હવે સ્વમાં તું તારા ગુણથી જ (–ભેદજ્ઞાનના બળથી જ) વળ.

**"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત"**

–જુઓ, આ સ્વરૂપની અણસમજણ તે બંધપંથ છે. અને–

**"સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત"**

–ગુરુઉપદેશઅનુસાર પોતે પોતાનું સ્વરૂપ સમજ્યો તે મોક્ષપંથ છે.

સંસારમાં રખડયો તે પોતાના દોષથી; દોષ કેટલો?–કે પરદ્રવ્યને પોતાનું માન્યું તેટલો. સ્વ પરના ભેદજ્ઞાનરૂપ પ્રજ્ઞાગુણવડે જીવ પોતે જ પોતાને બંધમાર્ગથી પાછો વાળીને મોક્ષપંથમાં સ્થાપે છે. અનાદિથી બંધમાર્ગમાં રહ્યો હોવા છતાં

તેનાથી જીવ પાછો વળી શકે છે, ને કદી નહિ અનુભવેલા એવા મોક્ષમાર્ગમાં પોતાને સ્થાપી શકે છે. માટે હે ભાઇ! એક વાર તો જગતનો પાડોશી થઇને અંતરમાં આત્માને દેખ! તને કોઇ અપૂર્વ આનંદનો અનુભવ થશે.

હે ભવ્ય! એકવાર અંતરમાં વળી જા....ને દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ સ્વઘરમાં જ તારા આત્માને વસાવ! તારા આત્માને નિરંતર રત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં જ સ્થાપ. બીજી બધી ચિંતાને દૂર કરીને તારા ચિદાનંદસ્વરૂપને એકને જ ધ્યેય બનાવીને તેને જ ધ્યાવ. જગત આખાથી ઉદાસ થઈ જા ને એક આત્માના મોક્ષમાર્ગમાં જ ઉત્સાહિત થઇને તેમાં જ આત્માને સ્થાપ. તેનું જ ધ્યાન કર...તારા આત્માને સ્વતંત્રપણે જ તું મોક્ષમાર્ગમાં સ્થાપ....બીજા કોઈનો તેમાં સહારો નથી. રાગને એકમેક કરીને તારા આત્માને ન ધ્યાવ, પણ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ નિર્મળપર્યાયોમાં એકમેક કરીને તારા આત્માને ધ્યાવ. આ રીતે નિર્મળપર્યાયની સાથે આત્માને અભેદ કરીને કહ્યું છે.

અહા, આચાર્યદેવ કહે છે કે હે ભવ્ય! મેં મારા આત્માને તો મોક્ષમાર્ગમાં પરિણમાવ્યો છે ને તું પણ તારા આત્માને મોક્ષમાર્ગમાં પરિણમાવ! પાંચમી ગાથામાં પણ કહ્યું હતું કે, હું મારા સમસ્ત નિજવૈભવથી–આત્મવૈભવથી શુદ્ધઆત્માનું સ્વરૂપ દર્શાવું છું અને તમે તમારા સ્વાનુભવપ્રમાણથી જાણીને તે પ્રમાણ કરજો.–સામા શિષ્યની એટલી લાયકાત જોઇને આચાર્યદેવે આ વાત કરી છે.

અહીં તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને જ સ્વદ્રવ્ય કહ્યું છે, ને તેમાં જે સ્થિર છે તેને 'સ્વસમય' કહ્યો છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે જ્ઞાનચેતના છે, તે જ્ઞાન–ચેતનારૂપ થઈને તું મોક્ષમાર્ગને ચેત, તેનો અનુભવ કર...ને રાગનો અનુભવ ન કર. આત્માના સ્વભાવનો આશ્રય કરતાં જે નિર્મળપરિણામ થાય છે તે નિર્મળ–પરિણામમાં જ તું વિહર, પરદ્રવ્યાશ્રિત થતા એવા રાગાદિ પરિણામમાં તું જરાપણ ન વિહર...આ જ મોક્ષનો પંથ છે. આ જ મહાવીરનો માર્ગ છે.

આ રીતે આચાર્યદેવે ભવ્ય જીવોને મોક્ષમાર્ગ બતાવીને તેની પ્રેરણા કરી.

**મહાવીરના ભક્તો આવા મોક્ષમાર્ગમાં આવો.**

# જિનમાર્ગમાં વીતરાગ-ચારિત્ર કર્તવ્ય છે

## તે ન થઈ શકે તો તે માર્ગની શ્રદ્ધા જરૂર રાખજે; રાગને મોક્ષમાર્ગ માનીશ નહિ, કુમાર્ગની શ્રદ્ધા કરીશ નહીં.

**આસો વદ ત્રીજના રોજ પૂ. બેનશ્રીના મંગલ સુહસ્તે પરમાગમમંદિરમાં દરવાજા મુકવાના મંગલપ્રસંગે ગુરુદેવનું પ્રવચન પરમાગમ-મંદિરમાં થયું હતું; તે તથા આસો વદ ચોથના મંગલ દિવસનું પ્રવચન અહીં આપ્યું છે. પરમાગમ-મંદિરમાં પ્રવચન કરતાં જૈનદર્શનના અગાધ મહિમાને પ્રસિદ્ધ કરીને પ્રમોદ-પૂર્વક ગુરુદેવ કહે છે કે-અહો, જૈનદર્શન! અને તેમાં પણ સમ્યગ્દર્શનનો મહિમા! એની શી વાત? જ્યાં આત્માનો પ્રેમ થયો ત્યાં આખા જગતના બધા પદાર્થોમાંથી એનો રસ ઊડી જાય, ને અંદર ચૈતન્યસ્વરૂપનો અતીન્દ્રિય સ્વાદ આવે.**

[ અષ્ટપ્રાભૃત–દર્શનપ્રાભૃત ગાથા ૨૧–૨૨ ]

આ સમ્યગ્દર્શનની વાત જૈનદર્શનમાં આચાર્યદેવે પ્રસિદ્ધ કરી છે. તીર્થંકરદેવે કેવળજ્ઞાન પ્રગટ કર્યા પછી જે ઉપદેશ કર્યો તેને અનુસરીને જ વીતરાગ સંતોએ ઉપદેશ કર્યો છે. તીર્થંકર ભગવંતો મુનિદશામાં કેવળજ્ઞાન થયા પહેલાં ઉપદેશ દેતા નથી, મૌન જ રહે છે; કેવળજ્ઞાન થયા પછી જ સમવસરણમાં પ્રભુનો ઉપદેશ નીકળે છે. પોતાનું કામ પૂરું કરીને પછી પ્રભુનો ઉપદેશ નીકળ્યો. તે ઉપદેશને અનુસરીને સંતોએ જે વાણી રચી તે આ સમયસારાદિ પરમાગમ છે. તેમાં સમ્યગ્દર્શનનો પ્રધાન ઉપદેશ છે.

હે જીવ! તું શુદ્ધભાવથી આવા સમ્યક્ત્વને ધારણ કર. વિકલ્પથી નહિ, રાગથી નહિ, પણ અંતર્મુખ થઈને, રાગથી પાર, વિકલ્પથી પાર જ્ઞાનભાવવડે તારા આત્માનો નિર્ણય કર. જેમાં મનનો, રાગનો કે ઇન્દ્રિયનો સંબંધ નથી એવા આત્માની સન્મુખ થઈને

તું શુદ્ધભાવથી સમ્યક્ત્વને ધારણ કર. અહો, ચૈતન્યના અનંત ગુણરૂપી રત્નો, તેમાં સારભૂત રત્નત્રય, તેમાં પણ સમ્યગ્દર્શન પ્રથમ મુખ્ય છે, તે મોક્ષનું પ્રથમ પગલું છે. શુભરાગ તે મોક્ષનું પગલું નથી, સમ્યગ્દર્શન તે મોક્ષનું પ્રથમ સોપાન છે. એ સમ્યગ્દર્શન વગર શુભરાગની બધી ક્રિયાઓ ધારણ કરે તો પણ તેમાં કાંઈ પરમાર્થ નથી. રાગ તે કાંઈ ચૈતન્યનો અંતરંગભાવ નથી. સમ્યગ્દર્શન તે ચૈતન્યનો અંતરંગભાવ છે. તેથી કહે છે કે–

**મોક્ષ મહેલકી પરથમ સીડી, યા વિન જ્ઞાન-ચરિતા-**
**સમ્યકતા ન લહે, સો દર્શન ધારો ભવ્ય પવિત્રા.**

જ્ઞાન કે ચારિત્ર તે સમ્યગ્દર્શન વગર સાચાં નથી, એટલે તે મોક્ષમાર્ગમાં કાંઈ ઉપયોગી નથી. સમ્યગ્દર્શન સહિતનાં જ્ઞાન ને ચારિત્ર તે જ મોક્ષમાર્ગ છે, તે જ કાર્યકારી છે. હે ભાઈ! રાગની ક્રિયામાં કે શાસ્ત્રના એકલા જાણપણામાં સમ્યગ્દર્શન નથી, ચૈતન્યની અનુભૂતિથી તે બાહ્ય છે. તેનાથી પાર અંતરંગ ચૈતન્યની અનુભૂતિ કરે તો જ સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન તે મોક્ષમાર્ગનું કર્ણધાર છે.

અહો, આવું સમ્યગ્દર્શન કરે તે જીવ આરાધક છે; ભલે ચારિત્ર ઓછું હોય, ત્યાગ ઓછો હોય, તોપણ તે આરાધક છે. હે જીવ! જૈનદર્શનમાં કેવળીપ્રભુએ મોક્ષ–માર્ગમાં જેવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર કહ્યાં છે તેવા જ ઓળખીને તેની શ્રદ્ધા બરાબર કરજે. તેમાંથી અત્યારે તારાથી થાય એટલું તો ચારિત્ર પણ કરજે. કરવા જેવી તો પૂર્ણ વીતરાગ–ચારિત્રદશા છે. પણ તેમ ન થઈ શકે ને રાગ રહી જાય, તો તે રાગને ધર્મ ન માનીશ, રાગને મોક્ષનો માર્ગ ન માનીશ. વીતરાગમાર્ગની શ્રદ્ધા છોડીને જો રાગને ધર્મ માનીશ તો તને મિથ્યાત્વ થશે. વીતરાગમાર્ગની શ્રદ્ધા રાખીશ તો તારું સમ્યગ્દર્શન અને આરાધકપણું ટકી રહેશે.

અનંતા તીર્થંકરોએ સાધેલો, ને સમવસરણમાં ગણધરાદિની સભા વચ્ચે જાહેર કરેલો જે જૈનમાર્ગ, તેમાં ગોટા વાળીશ મા; માર્ગને વિપરીત માનીશ મા. મૂળ માર્ગની શ્રદ્ધા રાખીને તારાથી થાય તેટલું કરજે, ને બીજાની ભાવના રાખજે. નિર્ગ્રંથ મુનિપણું પોતાથી ન પળાય તો કાંઈ વસ્ત્રસહિત મુનિપણું ન મનાય. જો વસ્ત્રસહિત મુનિપણું માનીશ તો તીર્થંકરોની વિરાધના થશે, ને વીતરાગમાર્ગથી તું ભ્રષ્ટ થઈ જઈશ. બાપુ! જૈનમાર્ગમાં રાગનો સૂક્ષ્મ કણ પણ ન પાલવે, એટલે કે રાગનો કોઈ કણ મોક્ષમાર્ગ તરીકે ન મનાય.

અરે જીવ! ચોરાશીના અવતારનાં દુઃખોથી છૂટવું હોય તો પરમ બહુમાનપૂર્વક તું જૈનદર્શનની શ્રદ્ધા રાખજે, અને તારાથી થઈ શકે તેટલી વીતરાગમાર્ગની આરાધના કરજે. ન થઈ શકે તો શ્રદ્ધા રાખજે પણ બીજું માનીશ મા; માર્ગને બગાડીશ મા. ચારિત્રદોષ હોય તેને ચારિત્રદોષ તરીકે જાણજે; પણ તે દોષને માર્ગમાં ખતવીશ નહિ. માર્ગ તો જેમ છે તેમ રાખજે.

અહા, વીતરાગી ચૈતન્યશાંતિનું વેદન સમ્યગ્દર્શનમાં છે. તે શાંતિમાં કષાયનો (શુભરાગનો પણ) કણ કેમ સમાય? શુભરાગ પણ જાત તો કષાયની જ છે, તે કાંઈ ચૈતન્યની શાંતિની જાત નથી. સમકિતી પણ પોતાની અવસ્થામાં જેટલા રાગાદિ ભાવો છે તેને દોષ તરીકે જાણે છે. જ્ઞાનધારામાં રાગધારાને ભેળવતા નથી. જેટલી જ્ઞાનધારા છે તેને તો મોક્ષમાર્ગ જાણે છે અને જેટલી રાગધારા છે તેને બંધમાર્ગ જાણે છે. જ્ઞાનધારામાં ચૈતન્યસ્વાદનું વેદન છે; તે વેદન કાંઈ રાગધારામાં નથી. રાગધારામાં તો દુઃખનું વેદન છે. ચૈતન્યના સ્વાદની મધુરતા પાસે જગતનો રસ ધર્મીને ઊડી ગયો છે. સમ્યગ્દર્શનમાં આવો ચૈતન્યસ્વાદ છે. આવા સમ્યગ્દર્શનને હે જીવ! તું અત્યંત ભક્તિથી ધારણ કર. તે ઉપરાંત સમ્યક્ચારિત્રનું પણ જેટલું પાલન થઈ શકે તેટલું જરૂર કર. આવો ઉપદેશ ભગવાન કેવળી–જિનદેવના માર્ગમાં છે. અહો, આવો સુંદર માર્ગ! તેને પામીને હે જીવ! તું બીજા મિથ્યામાર્ગ સામે જોઈશ નહીં.

જિનવરદેવે કહેલા મોક્ષમાર્ગમાં પ્રથમ કર્ણધાર તો સમ્યગ્દર્શન છે. ચારિત્રદશા – મુનિપણું લ્યે તેને જ સમ્યગ્દર્શન માની શકાય–એમ કાંઈ નથી. મુનિદશાનું ચારિત્ર ન હોય તોપણ સમ્યગ્દર્શન ધર્મીને હોય છે. હા, સમ્યગ્દર્શનની સાથે સમ્યગ્દર્શનને યોગ્ય ચારિત્ર (કુદેવ–કુગુરુ–કુધર્મનો ત્યાગ, અભક્ષ્ય ભક્ષણનો ત્યાગ વગેરે આચરણ) જરૂર હોય. પણ સમ્યગ્દર્શન વગર સમ્યક્ચારિત્રદશા તો કદી ન હોય. સમ્યગ્દર્શનસહિત સમ્યક્ચારિત્રદશા પણ હોય તો–તો મોક્ષમાર્ગમાં તે ખૂબ શોભી ઊઠે છે, તે તો ઉત્તમ છે. પણ કોઇને તેવી ચારિત્રદશા ન હોય તો તેથી કાંઈ તેના સમ્યગ્દર્શનની કિંમત ઘટી ન જાય. સમ્યગ્દર્શન વડે પણ તેનું આરાધકપણું બરાબર ટકી રહેશે. માટે હે જીવો! તમે ભાવથી આવા ઉત્તમ સમ્યગ્દર્શનને ધારણ કરો.

અહો, સમ્યગ્દર્શન આત્માના અપાર મહિમાને ઝીલે છે; તે સમ્યગ્દર્શનની કિંમત બહારના કોઇ પદાર્થવડે થઈ શકે નહિ. જે જીવ બહારના પદાર્થવડે કે રાગવડે સમ્યગ્દર્શનની કિંમત કરવા માંગે છે તેને સમ્યક્ત્વના અપાર મહિમાની ખબર નથી. અરે,

ચૈતન્યતત્ત્વ જ્યાં પ્રતીતમાં આવી ગયું ત્યાં તેના અનંત ગુણોમાંથી શુદ્ધતાનો પ્રવાહ નીકળ્યો; સ્વર્ગના ઇન્દ્ર પણ તે સમ્યક્ત્વની પ્રશંસા કરે છે. ચારિત્રદશાવંત મુનિના મહિમાની તો શી વાત! એ તો મહા પૂજ્ય છે. અને સમ્યગ્દર્શનનો પણ અમૂલ્ય મહિમા છે; સમ્યગ્દ્રષ્ટિ અસંયમી હોય તોપણ ભગવાને તેને મોક્ષમાર્ગમાં સ્વીકાર્યા છે. સમ્યગ્દ્રષ્ટિજીવ કલ્યાણની પરંપરા સહિત ઉત્તમ મોક્ષસુખને પામે છે.

જેને શુભરાગ અને સંયોગ કરતાં સમ્યક્ત્વની કિંમત ઓછી લાગે છે, ને સમ્યક્ત્વ કરતાં રાગની કે સંયોગની કિંમત જેને વધારે લાગે છે તે જીવ સમ્યક્ત્વનો વિરાધક થઈને સંસારમાં પરિભ્રમણ કરે છે. જે જીવ સમ્યક્ત્વનો આરાધક છે તેને આત્મા કરતાં જગતના કોઇ પદાર્થનો મહિમા લાગતો નથી, આત્માના અપાર–અતીન્દ્રિય મહિમારૂપ સમ્યગ્દર્શનવડે તે પરંપરા અક્ષય સુખરૂપ મોક્ષને પામે છે.

અહા, સમ્યક્ત્વના મહિમાની આવી વાત સાંભળવાનો અવસર મળવો પણ બહુ મોંઘો છે. આવું શ્રાવકકુળ અને વીતરાગની વાણીનું શ્રવણ મળ્યું, તો આ ઉત્તમ અવસર પામીને આત્માના શ્રદ્ધા–જ્ઞાન કરી લેવા, તે જ આ ઉત્તમ મનુષ્યપણું પામવાનું સાચું ફળ છે.

સમ્યક્ત્વ વગર આવા મનુષ્ય શરીર તો અનંતવાર જીવને મળ્યા, પણ તેનાથી આત્માનું કાંઈ હિત ન થયું. શરીર તો ક્ષણભંગુર છે, કરોડો રોગથી ભરેલું છે. ક્યારે રોગથી ફૂ થઈને ઊડી જશે! એનો કોઈ મેળ નથી. અંદર આત્મા તેનાથી ભિન્ન શું ચીજ છે–તેની ઓળખાણ કરે તો મનુષ્યપણું પામવાની સફળતા છે. **'શરીરં વ્યાધિ-મંદિરમ્'** અને **'આત્મા આનંદમંદિરમ્'** છે. બાપુ, શરીર તો કરોડો રોગની વ્યાધિનું ઘર છે, તેમાંથી તો રોગ નીકળશે, તેમાંથી કાંઈ આનંદ નહીં નીકળે; શાંતિનું–આનંદનું મંદિર તો આત્મા છે; તેને શ્રદ્ધામાં લેતાં અપૂર્વ આનંદ થાય છે. તે સમ્યગ્દ્રષ્ટિજીવ આત્માના સુખરસને પીતો–પીતો મોક્ષદશાને સાધે છે.

**અહા! અનંતકાળના દુઃખનો અંત, અને અનંત-અનંત કાળના અતીન્દ્રિયસુખની શરૂઆત-સમ્યગ્દર્શનમાં છે; આવા સમ્યગ્દર્શનને માટે તો આત્માનો કેટલો રસ હોય! આત્માની ઘણી લગની ને ઘણો પ્રયત્ન હોય, ત્યારે સમ્યગ્દર્શન થાય છે.**

**શુદ્ધ આત્મસ્વભાવની સન્મુખ થઈને તેને કબુલતાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનરૂપે આત્મા પોતે પરિણમે છે; એટલે સમ્યગ્દર્શન તે આત્મા જ છે. -આવા સમ્યગ્દર્શનનો મહિમા પ્રસિદ્ધ કરીને કુંદકુંદાચાર્યદેવ કહે છે કે અહો જીવો! તમે આવા સમ્યગ્દર્શનની આરાધનાવડે મનુષ્યપણાને સફળ કરો.**

-जय महावीर

## અમે જિનવરનાં સંતાનઃ નવા બાલસભ્યોનાં નામ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦૮૧ A | વીરેન્દ્ર બી. જૈન | કટક | ૩૧૦૪ | નિતેષકુમાર મનસુખલાલ જૈન | બીલીમોરા |
| ૩૦૮૧ B | ભરત બી. જૈન | કટક | ૩૧૦૫ | અનુરાધાબેન હસમુખલાલ જૈન | સાંતાક્રુઝ |
| ૩૦૮૨ A | જયશ્રીબેન એસ. જૈન | માણેકપુર | ૩૧૦૬ | મીલીન હસમુખલાલ જૈન | સાંતાક્રુઝ |
| ૩૦૮૨ B | સુરેશ એસ. જૈન | માણેકપુર | ૩૧૦૭ | કીરીટ જગજીવન જૈન | રાજકોટ |
| ૩૯૮૩ | હરેશ ચંદુલાલ જૈન | વઢવાણ | ૩૧૦૮ | નીલેશ જગજીવન જૈન | રાજકોટ |
| ૩૦૮૪ | ઉષાબેન આર. જૈન | કોઈમ્બતુર | ૩૧૦૯ | નીતીન જગજીવન જૈન | રાજકોટ |
| ૩૦૮૫ | ભરત આર. જૈન | કોઈમ્બતુર | ૩૧૧૦ | જયેશ જગજીવન જૈન | રાજકોટ |
| ૩૦૮૬ | ભૂપેન્દ્ર આર. જૈન | કોઈમ્બતુર | ૩૧૧૧ | વિપુલ જગજીવન જૈન | રાજકોટ |
| ૩૦૮૭ | ભારતીબેન પી. જૈન | મુંબઈ ૧૨ | ૩૧૧૨ | આશાકુમારી જગજીવન જૈન | રાજકોટ |
| ૩૦૮૮ | કીરીટ ચંપકલાલ જૈન | અમદાવાદ | ૩૧૧૩ | વંદનાકુમારી જગજીવન જૈન | રાજકોટ |
| ૩૦૮૯ | પ્રવિણાબેન ચંપકલાલ જૈન | અમદાવાદ | ૩૧૧૪ | હીનાબેન હસમુખલાલ જૈન | નાગપુર |
| ૩૦૯૦ | મીનાક્ષીબેન ચંપકલાલ જૈન | અમદાવાદ | ૩૧૧૫ | જયેશ હસમુખલાલ જૈન | નાગપુર |
| ૩૦૯૧ | ઈન્દિરાબેન મગનલાલ જૈન | ચોરીવાડ | ૩૧૧૬ | અજય હસમુખલાલ જૈન | નાગપુર |
| ૩૦૯૨ | અરૂણાબેન મગનલાલ જૈન | ચોરીવાડ | ૩૧૧૭ | સમીર હસમુખલાલ જૈન | મુંબઈ–૬૨ |
| ૩૦૯૩ | ચંદ્રવદન અમૃતલાલ જૈન | ચોરીવાડ | ૩૧૧૮ | રાજેશ ગુણવંતરાય જૈન | મુંબઈ–૪ |
| ૩૦૯૪ | સીમાબેન નાનાલાલ જૈન | માટુંગા | ૩૧૧૯ | પરેશ શાંતિલાલ જૈન | રાજકોટ |
| ૩૦૯૫ | દિવ્યેશ ચંદ્રકાંત જૈન | વડોદરા | ૩૧૨૦ | રાજેશ શાંતિલાલ જૈન | રાજકોટ |
| ૩૦૯૬ | સતીષ મણીલાલ જૈન | વીંછીયા | ૩૧૨૧ | અંજલીબેન શાંતિલાલ જૈન | રાજકોટ |
| ૩૦૯૭ | મુકેશ વનમાલી જૈન | ધ્રાફા | ૩૧૨૨ | ગીતાબેન શાંતિલાલ જૈન | રાજકોટ |
| ૩૦૯૮ | ચંદ્રિકાબેન કોદારલાલ જૈન | ચોરીવાડ | ૩૧૨૩ | ચેતન ચીમનલાલ જૈન | સુરેન્દ્રનગર |
| ૩૦૯૯ | બિન્દુબેન એમ. જૈન | દિલ્હી | ૩૧૨૪ | રાજેશ્રીબેન ચીમનલાલ જૈન | જામનગર |
| ૩૧૦૦ A | રાજેશ એમ. જૈન | દિલ્હી | ૩૧૨૫ | હર્ષદ અમૃતલાલ જૈન | ભાવનગર |
| ૩૧૦૦ B | નીરાબેન એમ. જૈન | દિલ્હી | ૩૧૨૬ | નરેન્દ્ર અમૃતલાલ જૈન | ભાવનગર |
| ૩૧૦૧ | વિક્રમ જયંતિલાલ જૈન | જેતપુર | ૩૧૨૭ | મુકેશ બી. જૈન | ચોરીવાડ |
| ૩૧૦૨ | શાંતબાળા મનસુખલાલ જૈન | બીલીમોરા | ૩૧૨૮ | સુરેખાબેન બી. જૈન | ચોરીવાડ |
| ૩૧૦૩ | પિનલકુમારી મનસુખલાલ જૈન | બીલીમોરા | ૩૧૨૯ | એમનબેન બી. જૈન | ચોરીવાડ |

| | | |
|---|---|---|
| ૩૧૩૦ | પીયુશ સુરેશચંદ્ર જૈન | દાહોદ |
| ૩૧૩૧ | પંકજ સુરેશચંદ્ર જૈન | દાહોદ |
| ૩૧૩૨ | નૂતન સુરેશચંદ્ર જૈન | દાહોદ |
| ૩૧૩૩ | જયેશ સુરેશચંદ્ર જૈન | દાહોદ |
| ૩૧૩૪ | રંજનબાળા ઝવેરીલાલ જૈન | દાહોદ |
| ૩૧૩૫ | હિતેશ ભૂપતરાય જૈન | રાજકોટ |
| ૩૧૩૬ | જાગૃતીબેન મનુભાઈ જૈન | સોનગઢ |
| ૩૧૩૭ | સંગીતાબેન રમેશચંદ્ર જૈન | મોરબી |
| ૩૧૩૮ | અમુલખ દયાળજી જૈન | અમદાવાદ–૧ |
| ૩૧૩૯ | ભાવનાબેન દયાળજી જૈન | અમદાવાદ–૧ |
| ૩૧૪૦ | ભારતીબેન દયાળજી જૈન | અમદાવાદ–૧ |
| ૩૧૪૧ | માલાબેન ધીરજલાલ જૈન | અમદાવાદ–૧ |
| ૩૧૪૨ | સતીષ ધીરજલાલ જૈન | અમદાવાદ–૧ |
| ૩૧૪૩ | વંદનાબેન અનંતરાય જૈન | અમદાવાદ–૧ |
| ૩૧૪૪ | કસ્તુરભાઈ મોહનલાલ જૈન | અમદાવાદ |
| ૩૧૪૫ | ભરતકુમાર વૃજલાલ જૈન | સોનગઢ |
| ૩૧૪૬ | રીટાબેન ચંદ્રકાન્ત જૈન | સાંતાક્રુઝ |
| ૩૧૪૭ | શિલ્પાબેન ચંદ્રકાન્ત જૈન | સાંતાક્રુઝ |
| ૩૧૪૮ | નીરજભાઈ ચંદ્રકાન્ત જૈન | સાંતાક્રુઝ |
| ૩૧૪૯ | રોહિતકુમાર મગનલાલ જૈન | દેરોલ |
| ૩૧૫૦ | દિલીપ માધવલાલ જૈન | મારવાડા |
| ૩૧૫૧ | હસમુખ હરગોવિંદદાસ જૈન | સોનગઢ |
| ૩૧૫૨ | આરતીબેન રસિકલાલ જૈન | બીલીમોરા |
| ૩૧૫૩ | મહાવીર રસિકલાલ જૈન | બીલીમોરા |
| ૩૧૫૪ | નિકિતાબેન હસમુખલાલ જૈન | સુરેન્દ્રનગર |
| ૩૧૫૫ | જયશ્રીબેન નગીનદાસ જૈન | મુંબઈ–૬૪ |
| ૩૧૫૬ | સંજય નગીનદાસ જૈન | મુંબઈ–૬૪ |
| ૩૧૫૭ | હીનાબેન નગીનદાસ જૈન | મુંબઈ–૬૪ |
| ૩૧૫૮ | અશોક બાબુલાલ જૈન | બેંગ્લોર–૨ |
| ૩૧૫૯ | કેતન બાબુલાલ જૈન | બેંગ્લોર–૨ |
| ૩૧૬૦ | પરેશાબેન બાબુલાલ જૈન | બેંગ્લોર–૨ |
| ૩૧૬૧ | દર્શનાબેન ભૂપતરાય જૈન | મુંબઈ–૮૬ |
| ૩૧૬૨ | કલ્પનાબેન ભૂપતરાય જૈન | મુંબઈ–૮૬ |
| ૩૧૬૩ | પ્રવિણચંદ્ર નેમચંદ્ર જૈન | મહાદેવપૂરા |
| ૩૧૬૪ | આરતીબેન દલીચંદ જૈન | રાજકોટ |
| ૩૧૬૫ | રાજેશ્રીબેન અમરચંદ જૈન | વાંકાનેર |
| ૩૧૬૬ | સોનલબેન પ્રભુદાસ જૈન | સોનગઢ |
| ૩૧૬૭ | બીનાબેન અશોકચંદ્ર જૈન | ભાવનગર |
| ૩૧૬૮ | અનિલ અશોકચંદ્ર જૈન | ભાવનગર |
| ૩૧૬૯ | મહેન્દ્ર કે. જૈન | મુંબઈ–૪ |
| ૩૧૭૦ | કીર્તી કે. જૈન | મુંબઈ–૪ |
| ૩૧૭૧ | શિલ્પાકુમારી નવીનચંદ્ર જૈન | મુંબઈ–૫૫ |
| ૩૧૭૨ | ભારતીબેન જીવરાજ જૈન | મુંબઈ–૬૪ |
| ૩૧૭૩ | હરેશકુમાર જીવરાજ જૈન | મુંબઈ–૬૪ |
| ૩૧૭૪ | કિરણકુમાર જીવરાજ જૈન | મુંબઈ–૬૪ |
| ૩૧૭૫ | મુંજાલ રજનીકાંત જૈન | મુંબઈ–૬ |
| ૩૧૭૬ | વર્ષાબેન નગીનદાસ જૈન | મુંબઈ–૬૪ |
| ૩૧૭૭ | જગદીશકુમાર નગીનદાસ જૈન | મુંબઈ–૬૪ |
| ૩૧૭૮ | કેતનકુમાર નગીનદાસ જૈન | મુંબઈ–૬૪ |

[ બાકીનાં નામો આવતા અંકે ]

**વીરનાથપ્રભુના મોક્ષના આ અઢીહજારમા વર્ષમાં આપનું જીવન ઉન્નત્ત બનાવીને વીરશાસનને શોભાવો.**

# પરમાગમની મધુરી પ્રસાદી

[ લેખ: ૮ ]

આત્મધર્મ અંક ૩૫૨, ૩૫૩, ૩૫૪, ૩૫૫, ૩૫૬, ૩૫૮ અને ૩૬૦ માં આ લેખમાળાના સાત લેખો અગાઉ છપાઈ ગયા છે. આ આઠમો લેખ છે. વીતરાગમાર્ગના પરમાગમની પ્રસાદી કેટલી સુંદર-મધુર-આનંદદાયી છે! તેનો સ્વાદ તો જે ચાખે તેને જ ખબર પડે તેવું છે. પ્રવચનમાં ગુરુદેવ કહે છે કે-બાપુ! જૈનધર્મમાં તો વીતરાગી દેવ-ગુરુનું સેવન છે; તેમને ઓળખતાં, પરમાર્થ આત્માની ઓળખાણ થાય ને અંદર પોતાને ચૈતન્યરસના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે,-એવો આ જૈનમાર્ગ છે. અરે, આવો ઉત્તમ માર્ગ પામીને કુમાર્ગને કોણ સેવે? બાપુ! આવો જૈનમાર્ગ અનંતકાળે કોઈ મહાભાગ્યથી મળ્યો છે. તારી દર્શનશુદ્ધિ માટે, તારા કલ્યાણને માટે તું પરમ સત્ય વીતરાગમાર્ગના દેવ - ગુરુ-શાસ્ત્રને બરાબર ઓળખીને, તેમના માર્ગનું ઉત્સાહથી સેવન કરજે.

વીતરાગની વાણી મોહને કાપી નાંખવા માટે તલવારની તીખી ધાર જેવી છે.-એક ઘાએ બે કટકા! એકકોર અતીન્દ્રિય ચૈતન્યસુખમય આત્મા, ને બીજીકોર સમસ્ત રાગ અને વિષયો - એમ બંનેનું સર્વથા ભેદજ્ઞાન કરાવીને જિનવચન વિષયોનું વિવેચન કરાવે છે ને ચૈતન્યસુખનો ઉત્સાહ જગાડે છે.-અહો, ચૈતન્યનું સુખ આપનારાં આવાં જિનવચનો મહાન ઉપકારી છે.

## સત્‌ની પૂર્ણતા

વસ્તુની સત્તા (સત્ત્વ, સત્‌પણું) દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં વ્યાપીને સમાપ્ત થાય છે. પરંતુ એકલા દ્રવ્યમાં કે ગુણમાં જ સત્તા વ્યાપે છે ને પર્યાયમાં સત્તા નથી વ્યાપતી–એમ નથી. દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે થઈને સત્ વસ્તુની પૂર્ણતા છે.

સત્ દ્રવ્ય–ગુણ–પર્યાય એ ત્રણેય સત્ત્વનો જ વિસ્તાર છે, સત્ત્વથી (એટલે કે વસ્તુની સત્તાથી) તે કોઈ જુદા નથી. તેમજ જુદી–જુદી ત્રણ સત્તા નથી, એક જ સત્તા દ્રવ્ય–ગુણ–પર્યાય સર્વેમાં વ્યાપક છે.

## ❀ અભેદની અનુભૂતિમાં આનંદ; ❀
## તે અનુભૂતિમાં પર્યાયની ગૌણતા છે, અભાવ નથી.

સત્‌ની અનુભૂતિમાં ‘દ્રવ્ય–ગુણ–પર્યાય’ એવા ભેદ રહેતા નથી, ત્યાં તો અભેદની અનુભૂતિનો વીતરાગી આનંદ છે. તે અનુભૂતિમાં શુદ્ધપર્યાયો ગૌણરૂપ છે, અભાવરૂપ નથી. ‘આ દ્રવ્ય, આ ગુણ, આ પર્યાય’ એવા ભેદનું લક્ષ રહે ત્યાં વિકલ્પ છે, તેમાં અટકે તેને નિર્વિકલ્પ અનુભૂતિ થતી નથી.

## ❀ નિર્ગ્રંથ જૈનમાર્ગ; ચોથાગુણસ્થાને પણ સમ્યગ્દર્શનનું નિર્ગ્રંથપણું ❀

આત્માનો વીતરાગસ્વભાવ છે; તે સ્વભાવ તો મોહાદિ વગરનો નિર્ગ્રંથ છે; અને તે સ્વભાવને અવલંબીને જે રાગરહિત સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રદશા પ્રગટ થઇ તે પણ નિર્ગ્રંથ છે; ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન છે તેને પણ નિર્ગ્રંથ કહેવાય છે, કેમકે તે સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વ–મોહની ગાંઠ છૂટી ગઈ છે. મુનિદશાને યોગ્ય નિર્ગ્રંથપણું (બહારમાં પણ જ્યાં વસ્ત્રાદિ પરિગ્રહ નથી) તે તો છઠ્ઠા–સાતમા ગુણસ્થાને હોય છે. આવો નિર્ગ્રંથમાર્ગ તે જૈનદર્શનનો મત છે. આવા જૈનદર્શનની ઓળખાણપૂર્વક, શુદ્ધાત્માની અનુભૂતિરૂપ જે સમ્યગ્દર્શન છે તે ધર્મનું મૂળ છે.

જ્યાં આત્માનું જ્ઞાન સાચું નથી, જૈનમાર્ગના દેવ–ગુરુ–સૂત્રને જે માનતો નથી એવો જીવ પોતે તો ધર્મથી ભ્રષ્ટ છે, અને એવા ભ્રષ્ટ જીવમાં બહારના કોઇ જાણપણાની કે ત્યાગ વગેરેની અધિકતા દેખાય તો તેથી કાંઈ ધર્મીને તેનો મહિમા ન આવે; ધર્મભ્રષ્ટ જીવને જે અનુમોદે, પ્રશંસા કરે, તે જીવ પોતે પણ ધર્મથી ભ્રષ્ટ થાય છે, વીતરાગ જૈનદર્શનના સાચા માર્ગને તે જાણતો નથી. વીતરાગ જૈનમાર્ગ તો મોહની ગાંઠ વગરનો ને વસ્ત્રાદિ પરિગ્રહ વગરનો નિર્ગ્રંથ છે.

## ❀ અહો, સત્ય જૈન વીતરાગમાર્ગ! એના મહિમાની શી વાત! ❀

અરે, જૈનદર્શન તો અલૌકિક વીતરાગમાર્ગ છે! વીતરાગી સ્વાનુભવી સંતોનો જે અભિપ્રાય, સર્વજ્ઞદેવનો જે માર્ગ, તે કુંદકુંદાચાર્યદેવે પ્રસિદ્ધ કર્યો છે. એ નિર્ગ્રંથ

વીતરાગમાર્ગનો વિરોધ કરીને જેઓ કુમાર્ગમાં પ્રવર્તે છે તેઓ જૈનમાર્ગથી ભ્રષ્ટ છે.

ધર્માત્મા સત્યમાર્ગને પ્રસિદ્ધ કરે અને અસત્યમાર્ગને નિષેધે, તેથી કાંઈ કોઈ વ્યક્તિ પ્રત્યે તેને વિરોધ નથી. સર્વે જીવો જ્ઞાનમય છે,–એ અપેક્ષાએ તો બધા જીવો સહધર્મી છે. અજ્ઞાનીઓ પોતાના સ્વભાવને ભૂલીને સંસારમાં દુઃખી થઈ રહ્યા છે, તેમના પ્રત્યે તો ધર્મીને કરુણા હોય છે.

ચૈતન્યનો ઉત્સાહ છૂટીને કયાંય પરનો ઉત્સાહ ધર્મીને થતો નથી. અહો, ચૈતન્યને સાધવાનો આવો વીતરાગ જૈનમાર્ગ, એનો ઉત્સાહ, એની પ્રશંસા, એની આરાધના કરવા જેવી છે. ભાઈ, આવા સુંદર વીતરાગ જિનમાર્ગને સાધવા માટે તું જગતના કુમાર્ગથી છૂટો પડી જા. શુદ્ધ જૈનમાર્ગ સિવાય બીજા સામે જોઈશ મા. જૈનધર્મની મૂર્તિ તો વીતરાગ હોય, દિગંબર હોય. જૈનમુનિનો દેખાવ પરમ વીતરાગ હોય છે, એની અંતરની દશા તો શુદ્ધોપયોગમય અલૌકિક, ને બહારની નિર્ગ્રંથ દશા પણ અલૌકિક હોય છે.

## મહાભાગ્યે જૈનધર્મ મળ્યો....ઉત્સાહથી તેનું સેવન કર !

અહા, દેવ–ગુરુ–ધર્મ તો સર્વોત્કૃષ્ટ પદાર્થ છે, તેમની ઓળખાણના આધારે તો ધર્મ અને મોક્ષમાર્ગ છે; તેથી તેમની બરાબર ઓળખાણ કરવી જોઈએ. દેવ–ગુરુ – ધર્મની બાબતમાં શિથિલ થવું યોગ્ય નથી. અરે, વીતરાગી જૈન દેવ–ગુરુઓ, તેમને છોડીને બીજા અજ્ઞાની–કુગુરુઓને જે વંદન–પૂજન કરે છે તે તો ધર્મના નિમિત્તને છોડીને સંસારના માર્ગને સેવે છે, તે વીતરાગી દેવ–ગુરુથી પ્રતિકૂળ થયો, વીતરાગ જૈનમાર્ગથી ભ્રષ્ટ થયો.

બાપુ ! જૈનધર્મમાં તો વીતરાગી દેવ–ગુરુનું સેવન છે; તેમને ઓળખતાં પરમાર્થ આત્માની ઓળખાણ થાય ને અંદર પોતાને ચૈતન્યરસના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે,–એવો આ જૈનમાર્ગ છે. અરે, આવો ઉત્તમ માર્ગ પામીને કુમાર્ગને કોણ સેવે ? બાપુ ! આવો જૈનમાર્ગ અનંતકાળે કોઈ મહાભાગ્યથી મળ્યો છે. તારી દર્શનશુદ્ધિ માટે, તારા કલ્યાણ માટે તું પરમસત્ય વીતરાગમાર્ગના દેવ–ગુરુ–શાસ્ત્રને બરાબર ઓળખીને, તેમના માર્ગનું ઉત્સાહથી સેવન કરજે.

સમ્યગ્દ્રષ્ટિને ભલે મુનિદશા–ચારિત્રદશા ન હોય તોપણ તેની શ્રદ્ધામાં તેને તેનો સ્વીકાર છે કે જૈનમાર્ગમાં ચારિત્રદશા આવી હોય. એનાથી વિરુધ્ધ ચારિત્રદશાને ધર્મી માનતો નથી. દેવનું સ્વરૂપ જે વિપરીત માને, મુનિની ચારિત્રદશાને જે વિપરીત

માને, જેના શાસ્ત્રમાં પણ વિપરીત પ્રરૂપણા હોય,–તે જૈનદર્શન નથી, તે તો જૈન–દર્શનથી બહાર છે. ભાઈ, તું જૈનદર્શનની સાચી ઓળખાણ તો કર;–તો તારું કલ્યાણ થશે. મહાભાગ્યે આવો જૈનમાર્ગ મળ્યો છે તો ઉત્સાહથી તેનું સેવન કર.

## અહો, વીતરાગનાં અદ્ભુત વચન...ચૈતન્યરસનો સ્વાદ ચખાડે છે

અહો, અદ્ભુત જિનવચન! એ ચૈતન્યના અમૃતરસથી ભરેલાં છે, ચૈતન્યની શાંતિરૂપ અમૃતનો સ્વાદ ચખાડીને તે વિષયોમાંથી સુખબુદ્ધિ છોડાવે છે. અહા, ચૈતન્યના જે ધર્મનો સ્વાદ ચાખતાં આખીયે દુનિયાનો રસ ઊડી જાય,–એ ધર્મ કેવો? એ ધર્મદશા થાય ત્યાં તો અંદરથી આત્માને મોક્ષના ભણકાર આવી જાય, મોક્ષની દિશા ખુલી જાય, ને ચૈતન્યના શાંતરસનો સ્વાદ આવે. તેથી કહ્યું છે કે 'વચનામૃત વીતરાગનાં પરમ શાંતરસ–મૂળ.'

અહો, વીતરાગનાં વચનામૃત પરમ શાંતરસથી ભરેલાં છે, ભવરોગને મટાડવાનું તે પરમ ઔષધ છે. તે ભવરોગને મટાડીને ચૈતન્યનું વીતરાગી સુખ ચખાડે છે. વીતરાગદેવનાં વચન સમજે અને આત્માનું સુખ ન મળે એમ બને જ નહિ; કેમકે વીતરાગનાં વચન જીવાદિ પદાર્થોનું સમ્યક્સ્વરૂપ બતાવીને, શ્રેય અને અશ્રેયનું જ્ઞાન કરાવે છે, એટલે તેના જ્ઞાનથી જીવ શ્રેયમાર્ગને આદરીને કલ્યાણને પામે છે ને અશ્રેય એવા મિથ્યાત્વાદિ ભાવોને છોડીને દુઃખથી છૂટે છે.

જુઓ, આ જિનવાણીનું ફળ! જિનવાણી રાગની પુષ્ટિ નથી કરાવતી, પણ રાગની રુચિ છોડાવીને, વીતરાગી ચૈતન્યભાવની પુષ્ટિ કરાવે છે. અહો, વીતરાગનાં વચન આત્માને શૂરવીરતા જગાડે છે. વીતરાગની વાણી પુરુષાર્થ વગરની હોય નહિ. આત્માનો મહા આનંદ જ્યાં વેદનમાં આવ્યો ત્યાં બાહ્યવિષયોમાં સુખબુદ્ધિ કેમ રહે? ચૈતન્યના આનંદ જેવું સુખ જગતમાં બીજે ક્યાંય છે જ નહિ. વાહ રે વાહ! વીતરાગનાં વચન....ચૈતન્યરસનો અપૂર્વ સ્વાદ ચખાડે છે.




* થાનગઢના ભાઈશ્રી કાંતિલાલ દેવસીભાઈના ધર્મપત્ની શ્રી લલિતાબેન આસો સુદ ૧૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* વઢવાણના ભાઈશ્રી ત્રિકમલાલ હિંમતલાલ (ઉં. વર્ષ ૫૮) આસો વદ ૧૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. બે દિવસ પહેલાં પણ તેઓ જિનમંદિરે ગયા હતા.
* ભાવનગરના શ્રી વિજયાબેન અમરચંદ ભાયાણી કારતક સુદ ૧ રોજ સ્વર્ગવાસ પામ્યા છે. અનેક વર્ષોથી તેઓ સોનગઢ રહીને સત્સંગનો લાભ લેતા હતા.

**–વીતરાગી દેવગુરુધર્મના શરણે તેઓ આત્મહિત પામો.**

# મહાવીરનિર્વાણના અઢીહજારમા વર્ષ નિમિત્તે- માત્ર વિદ્યાર્થી બંધુઓ માટે સ્વાધ્યાયની સુંદર યોજના

સ્કૂલમાં કે કોલેજમાં જેઓ અભ્યાસ કરતા હોય એવા વિદ્યાર્થી ભાઈ–બહેનોને વીતરાગી સાહિત્યના વાંચનમાં ઉત્સાહ પ્રેરવા માટે નીચેની યોજના રજુ કરવામાં આવે છેઃ તમે બાલવિભાગના સભ્ય હો કે ન હો–પણ આ યોજનામાં ભાગ લેતાં તમને જરૂર લાભ થશેઃ–

આત્મધર્મના આ અંકમાં છપાયેલા લખાણોમાંથી દશ વાકયો અહીં આપ્યાં છે; તે અધૂરાં છે, તેનો બાકીનો ભાગ આ અંકમાંથી શોધીને તમારે પૂરો કરવાનો છે. અંક તમારા હાથમાં જ છે; શોધવા માંડો. (વડીલોને ખાસ વિનંતી કે આ શોધખોળ વિદ્યાર્થી પાસે જ કરાવજો, આપ તેને શોધી આપશો નહિ.) ડીસેમ્બરની પહેલી તારીખ સુધીમાં વાક્ય શોધીને મોકલનાર બધાને ગુરુદેવનો એક ફોટો અગર પુસ્તક ભેટ મોકલાશે. (સંપાદક આત્મધર્મ, સોનગઢ, સૌરાષ્ટ્રઃ ૩૬૪૨૫૦ એ સરનામે મોકલવું.)

૧. આત્માનો આનંદરસ એવો અદ્ભુત છે કે..........

૨. પરમાગમ–મંદિરનો મહોત્સવ નજીક આવી રહ્યો છે ત્યારે વીરનાથ...

૩. વાહ રે વાહ! વીતરાગી સંતોની વાણી! આવી વીતરાગ..........

૪. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જિનાલય,...........

૫. અહો! જાણે પરમ વાત્સલ્યથી ગુરુદેવે સમ્યક્..........

૬. મુમુક્ષુ જીવોએ પળે પળે........

૭. તીર્થંકર થનાર જીવ...........

૮. સાધકજીવ સમ્યક્ત્વના અખંડ દીવડા પ્રગટાવીને..............

૯. ક્ષાયિક સાથે જોડણીવાળું સમ્યક્ત્વ તે પણ ક્ષાયિક જેવું જ છે; એ વાત........

૧૦. અહો, વીરપ્રભુના મોક્ષનું આ અઢી હજારમું વર્ષ છે; ભગવાનનો માર્ગ......

**( આ દશમા વાક્ય માટે જુઓ પાનું -૨ )**

બંધુઓ, આપણા બાલવિભાગમાં નવેસરથી સુંદર આયોજન થઈ રહ્યું છે, તે આપ સૌ આ અંકમાં જોશો. તમારો સૌનો પ્રેમભર્યો સહકાર પણ જરૂરી છે. આપણા મહાન ભાગ્યે, આપણા જીવનમાં જ વીરનાથભગવાનના મોક્ષગમનના અઢીહજારવર્ષનો

મંગલમહોત્સવ આવ્યો છે, તેનો આપણે સૌએ ખૂબ લાભ લેવાનો છે, ને જૈનશાસનની ખૂબ–ખૂબ સેવા કરીને જૈનશાસનને દીપાવવાનું છે.

બાલવિભાગનું લીસ્ટ નવેસરથી લખીને તૈયાર કરવાનું છે. તો તમારું નામ–સરનામું, હાલની ઉંમર–અભ્યાસ, જન્મદિવસ તથા સભ્યનંબર પોસ્ટકાર્ડમાં (આત્મ–ધર્મ બાલવિભાગ, સોનગઢ–સૌરાષ્ટ્ર) એ સરનામે જેમ બને તેમ વેલાસર લખી મોકલશો. ઘણા સભ્યો મોટા થયા હશે, તેઓ પણ વિના સંકોચે પોતાની વિગત લખી મોકલશો. આપનું પોસ્ટકાર્ડ આવતાવેંત અમે આપને એક સુંદર પુસ્તક (આ અઢીહજારમા વર્ષની બોણીમાં) ભેટ મોકલીશું. નવા સભ્ય થવું હોય તેઓ પણ ઉપર મુજબની વિગત લખી મોકલશો. (સભ્ય ફી કાંઈ નથી)

આ ઉપરાંત આત્મધર્મમાં રજુ થતી અવનવી યોજનાઓમાં પણ તમે આનંદથી ને ઉત્સાહથી ભાગ લેજો. જીવનમાં તમને ઘણા સુંદર સંસ્કાર મળશે.

–લી. તમારો ભાઈ બ્ર. હ. જૈન

## વીરનિર્વાણના પચીસસો (૨૫૦૦) મા મહોત્સવ નિમિત્તે

# વિદ્યાર્થીઓ માટે સુંદર નિબંધ યોજના

**(સર્વે જિજ્ઞાસુ સાધર્મીઓ ઉત્સાહથી ભાગ લ્યો)**

૧. મહાવીર ભગવાનની ઓળખાણથી આપણને થતો મહાન લાભ

૨. મહાવીર પ્રભુના નિર્વાણગમનના અઢી હજારમા વર્ષમાં આત્મહિત માટે આપણું કર્તવ્ય

બંધુઓ, મહાવીર પ્રભુના મોક્ષગમનનું અત્યારે અઢીહજારમું (૨૫૦૦ મું) વર્ષ ચાલી રહ્યું છે. વીર પ્રભુનો માર્ગ અત્યારે પણ ચાલી જ રહ્યો છે. આપણા મહાન સુભાગ્યે આપણે વીરશાસનમાં આવ્યા, આપણને વીરનાથનો સુંદર માર્ગ ગુરુદેવે બતાવ્યો; અને વિશેષમાં પ્રભુના મોક્ષગમનના અઢીહજાર વર્ષના મહોત્સવનો પ્રસંગ પણ અત્યારે આપણા જીવનમાં આવ્યો. આપણે બહુ ઉત્સાહપૂર્વક ધર્મના રંગથી, જૈનશાસનના

પ્રેમથી ને સાધર્મીના વાત્સલ્યથી આ મંગલ ઉત્સવ ઉજવીશું. આપ સૌ પણ ખૂબ પ્રેમથી –ઉત્સાહથી ભાગ લેજો.

આ નિમિત્તે, નીચે લખેલા બે વિષયો સંબંધમાં આપ નિબંધ લખી મોકલો.

**૧. મહાવીર ભગવાનની ઓળખાણથી આપણને થતો મહાન લાભ.**

**૨. મહાવીર ભગવાનના મોક્ષગમનના અઢીહજારમા વર્ષમાં આત્મહિત માટે આપણું કર્તવ્ય.**

નિબંધ લખવા માટે વિશેષ સૂચનાઓ નીચે મુજબ–

(૧) આ એક વિષય ઉપર, કે બંને વિષયો ઉપર નિબંધ લખી શકશો.

નિબંધ ગુજરાતી કે હિંદી ગમે તે ભાષામાં લખી શકાશે.

(૨) વિદ્યાર્થીઓ ઉપરાંત સર્વે જિજ્ઞાસુ ભાઈ–બહેનો **નિબંધ લખી શકશે પણ નિબંધમાં ભાગ લેનારે નીચેની પાંચમાંથી કોઈપણ બે અગર વધુ નિયમોનું પાલન આ આખા વર્ષ સુધી કરવાનું રહેશે-**

૧. હંમેશા ભગવાનના દર્શન કરવા. (એક માઇલ સુધીમાં મંદિર ન હોય ત્યાં રોજ નવ નમસ્કાર મંત્ર ગણવા.)

૨. રાત્રિભોજન કરવું નહીં.

૩. સિનેમા જોવું નહીં.

૪. કંદમૂળ ખાવા નહીં.

૫. હંમેશાં પોણી કલાક ધાર્મિકસાહિત્ય વાંચવું.

ઉપરની પાંચમાંથી ઓછામાં ઓછી બે વાતનું પાલન કરનાર આ નિબંધમાં ભાગ લઈ શકશે.

(૩) નિબંધનું લખાણ નોટબુકના ચાર કે પાંચ પાનાં જેટલું કાગળની એક બાજુ લખવું. અને તા. પહેલી જાન્યુઆરી 1974 સુધીમાં (સંપાદક આત્મધર્મ, સોનગઢ સૌરાષ્ટ્ર 364250) એ સરનામે મોકલી લેવા.

(૪) શ્રેષ્ઠ નિબંધ લખનારા પ્રથમ બે જિજ્ઞાસુઓને ચાંદીના **'મહાવીર ચંદ્રક'** ભેટ આપવામાં આવશે. તથા બીજા નિબંધલેખકો વચ્ચે ૨૫૦ અઢીસો રૂપિયાની કિંમતના ઇનામો આપવામાં આવશે. (પ્રમુખશ્રીની મંજુરીથી) –બ્ર. હ. જૈન

# વીરનાં સંતાન.... ( બાપ જેવા બેટા )

વીરનાથના મોક્ષનું અઢીહજારમું વર્ષ ચાલે છે.....આપણે વીરનાં સંતાન છીએ, એટલે આપણે પણ વીર થઇને વીરનાથના માર્ગે જવાનું છે.

જ્યારે વજ્રદંત ચક્રવર્તીને સંસારથી વૈરાગ્ય થયો અને પુત્રને બોલાવીને કહ્યું કે બેટા! હવે આ રાજ્યભારને તું સંભાળ. હું રાજ્ય છોડીને મુનિ થવા માંગું છું.–ત્યારે વૈરાગ્યવંત રાજકુમારે નમ્રતાપૂર્વક કહ્યું–કે પિતાજી! આપ આ રાજ્યને શા માટે છોડી રહ્યા છો?

વજ્રદંત કહે છેઃ–બેટા, આ વિનાશી રાજ્યને છોડીને હું અવિનાશી મોક્ષસુખને સાધવા માંગું છું. આ રાજ્ય તો અનંતવાર ભોગવી ચુકેલ એઠસમાન છે. જે આત્મસુખ મુનિપણામાં છે, તે કાંઈ રાજપદમાં નથી, તેથી હું તેને છોડી રહ્યો છું.

પુત્ર ગંભીરતાથી કહે છે–વાહ રે વાહ, પિતાજી! આપ જેને એઠ સમાન સમજીને છોડી રહ્યા છો તેને હું શા માટે ખાઉં? આપની જેમ મેં પણ આત્મસુખને જાણ્યું છે, એટલે હું પણ આપની સાથે જ અસાર સંસારને છોડીને, મુનિ થઈશ ને મોક્ષસુખને સાધીશ.

–આનું નામ–‘બાપ જેવા બેટા!’

**આપણે પણ નાના નથી હો! આપણે મહાવીરનાં સંતાન છીએ.**

**આપણે પણ મહાવીરપ્રભુની જેમ મોક્ષપુરીના માર્ગે જવાનું છે.**

## ચિત્રકાર બંધુઓને-

આપણા આત્મધર્મ માટે, તેમજ બીજા બાલસાહિત્ય માટેનાં ધાર્મિક ચિત્રો (બ્લોકસ બનાવવા માટે) કરી આપે એવા જૈન ચિત્રકાર ભાઈની ખાસ જરૂર છે. ચિત્રની સંપૂર્ણ માહિતી સહિત કાચી રૂપરેખા અમે આપીશું તે ઉપરથી ડીઝાઈન કરી આપવાની રહેશે, તેનો સુયોગ્ય ચાર્જ આપીશું. આપની કળાનો ધાર્મિક સાહિત્યમાં ઉત્તમ ઉપયોગ થશે. તો જે કલાકાર જૈનભાઈ ધાર્મિક સાહિત્યમાં પોતાની સેવા આપવા તૈયાર હોય તેમણે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવા આમંત્રણ છે.

–બ્ર. હરિલાલ જૈન, સોનગઢ, સૌરાષ્ટ્ર (૩૬૪૨૫૦)

## આત્મધર્મ - માસિક

* ભારતનું અજોડ અધ્યાત્મિક સચિત્ર માસિક.....પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી આત્મહિતનો અપૂર્વ સંદેશ ઘર–ઘર પહોંચાડે છે, નાના બાળકોમાં પણ ધર્મના મોટા સંસ્કાર રેડે છે.
* વાર્ષિક ( કારતકથી આસો, ભેટ પુસ્તકસહિત ) લવાજમ ચાર રૂપિયા છે.
* દરમહિનાની દશમી તારીખે સોનગઢથી પોસ્ટ થાય છે.
* આ અંકની સાથે ૩૧મા વર્ષનો પ્રારંભ થાય છે. આપનું લવાજમ આપે ભરી દીધું હશે. સગાં–સ્નેહી–જિજ્ઞાસુઓને પણ આત્મધર્મ પહોંચાડીને તેમને ઉત્તમ ધર્મસંસ્કાર આપો.
* આ વર્ષ વીરનાથપ્રભુના મોક્ષનું પચીસસોમું વર્ષ છે, તેમજ સોનગઢમાં પરમાગમ મંદિરમાં દેવ–ગુરુ–શાસ્ત્રની મહાન પ્રતિષ્ઠાનો મોટો ઉત્સવ પણ આવી રહ્યો છે, તે સંબંધી અનેક વિશેષતાઓ જાણવા આપ આત્મધર્મ જરૂર મંગાવો.
* બાલવિભાગમાં પણ કેટલીક વિશેષતાઓ આવશે......તેમજ ભેટપુસ્તક પણ અપાશે.

લખો: આત્મધર્મ કાર્યાલય, સોનગઢ, સૌરાષ્ટ્ર ( ૩૬૪૨૫૦ )

## વર્દ્ધમાનસ્વામીના પગલાંથી પાવન થયેલી વર્દ્ધમાનપુરીમાં વર્દ્ધમાનસ્વામીનું નુતન દિ. જિનમંદિર

જિજ્ઞાસુ પાઠકોને જાણીને આનંદ થશે કે, વર્દ્ધમાન સ્વામીના સંબંધથી જેનું નામ वड्ढमाण ( વઢવાણ ) પડયું એવા વઢવાણશહેરના મધ્યભાગમાં વર્દ્ધમાનસ્વામીનું નૂતન ભવ્ય જિનમંદિર બંધાવવાનો મુમુક્ષુઓએ નિર્ણય કર્યો છે. આ માટેની સુંદર જગ્યા, દરબારગઢમાં મધ્યચોકમાં વઢવાણના ઠાકોર સાહેબની માલિકીનું જુનું ગાડીખાનું કે જે મકાનમાં અગાઉ મામલતદારની ઓફિસ હતી–તે મકાન, વઢવાણના ઠાકોરસાહેબે ખાસ લાગણીથી આપણા મુમુક્ષુ–મંડળને વેચાણ આપેલ છે, તેનો દસ્તાવેજ પણ થઈ ગયેલ છે. હવે તુરતમાં ભવ્ય જિનમંદિરનું કામ શરૂ થશે. એક તો વર્દ્ધમાન સ્વામીના પગલાંથી પાવન વઢવાણ, બીજું વીરનાથ પ્રભુના નિર્વાણનું અઢીહજારમું વર્ષ, અને ત્રીજું પૂ બેનશ્રી ચંપાબેન જેવા પવિત્રાત્માની જન્મનગરી, એટલે સર્વે જિજ્ઞાસુઓમાં આ મંગલ કાર્ય માટે ખાસ ઉત્સાહ છે. –મંગલકાર્ય વેલું–વેલું થાય–એવી ભાવના સાથે વઢવાણના મુમુક્ષુઓને ધન્યવાદ!

( વઢવાણની ભૂમિમાં જૈનધર્મની કેટલીક પ્રાચીન સ્મૃતિઓ પણ નજરે પડે છે. )


❁ **જાંબુડી**-( ગુજરાત )માં કારતક સુદ તેરસના રોજ પદ્મપ્રભજિનેંદ્રના જિનાલય ઉપર કળશ અને ધ્વજારોહણ ભવ્ય મહોત્સવપૂર્વક થયું. આ પ્રસંગે સોનગઢથી પૂ. ગુરુદેવ જાંબુડી પધાર્યા હતા ને નવ દિવસ રહ્યા હતા. નવ દિવસ સુધી ધાર્મિક શિક્ષણવર્ગ ચાલેલ, તેમાં હજારો જિજ્ઞાસુઓએ ઉત્સાહથી લાભ લીધો હતો. જાંબુડી જેવા નાનકડા ગામમાં ઠેરઠેર વીતરાગવાણીની મીઠી જ્ઞાનપરબ ચાલતી હતી ને હજારો જીવો અત્યંત પ્રેમથી જ્ઞાનરસનું પાન કરતા હતા. વીરનિર્વાણના પચીસસો વર્ષના ભવ્ય ઉત્સવ માટે પણ ગુજરાતને અને ભાઈશ્રી બાબુભાઈ તથા પ્રમુખશ્રી નવનીતભાઈ વગેરેને ઘણો ઉત્સાહ છે. ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છના મુમુક્ષુઓ પણ તેમાં સાથ આપવા આતૂર છે. પૂ. ગુરુદેવ જાંબુડી પધારતાં વીતરાગવિજ્ઞાનની ઘણી સારી પ્રભાવના થઈ હતી. ગુરુદેવ જાંબુડીથી પ્રસ્થાન કરીને તા. ૯મીએ અમદાવાદ પધારશે, અને ત્યાં ચાર દિવસ રોકાઈને તા. ૧૩મી નવેમ્બર ( કારતક વદ ત્રીજ )ના રોજ સોનગઢ પધારશે.

❁ **મલકાપુર**-( મહારાષ્ટ્ર )માં મહાવીરનિર્વાણના ૨૫૦૦ મા વર્ષના મહોત્સવ નિમિત્તે શિક્ષણશિબિર દ્વારા તત્ત્વજ્ઞાનનો મહાન પ્રચાર ગતમાસમાં થયો. જ્ઞાનના આ મહાયજ્ઞમાં હજારો જિજ્ઞાસુઓએ આનંદ–ઉલ્લાસથી ભાગ લીધો હતો. અનેક ગ્રેજ્યુએટો, કોલેજિયનો તથા શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઘણા પ્રેમથી જૈનધર્મના તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો હતો. મલકાપુરના યુવાનો શાસ્ત્રસ્વાધ્યાયના પ્રેમ માટે પહેલેથી પ્રસિદ્ધ છે. ખરેખર આજના સુશિક્ષિત યુવાનો પણ ધર્મના અભ્યાસમાં જે રસ લઈ રહ્યા છે તે જૈનસમાજની ઉન્નતિની નિશાની છે. 'જુવાનિયા ધર્મમાં રસ નથી લેતા' એવી વૃદ્ધ માણસોની જુની વાતને આજના ઉત્સાહી યુવાનોએ ધોઈ નાંખી છે. ધન્ય છે યુવાનોને! યુવાનો હજી પણ વધુ ને વધુ જાગો...ને જૈનધર્મના વિજયધ્વજને ઊંચે ઊંચે ફરકાવો.

વિશેષ આનંદની બીજા વાત એ છે કે મહારાષ્ટ્રમાં સમાજ દ્વારા ૧૦૧ નવી જૈન–પાઠશાળાઓ ખોલવાનો સંકલ્પ કર્યો છે. મહારાષ્ટ્રમાં તત્ત્વજ્ઞાનપ્રચાર માટે ખાસ સમિતિ નીમવામાં આવી છે. જેમને વિદ્વાનની જરૂર હોય, સાહિત્યની જરૂર હોય, શિક્ષણશિબિર કે પાઠશાળા ખોલવી હોય, તેમણે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો–

भगवान महावीर वीतरागविज्ञान - प्रचार समिति - महाराष्ट्र
ठि. अंतरीक्ष पार्श्वनाथ दि. जैनसंस्थान
पोस्ट शिरपुर ( बाशीम , आकोला-महाराष्ट्र )

## ❁ સંસારસમુદ્રથી તરવા માટે મુમુક્ષુનું વહાણ ❁




આ ભવસમુદ્રની મધ્યમાં, મોક્ષને સાધવા માટે મુમુક્ષુને એક સ્વદ્રવ્ય જ શરણરૂપ છે, બાકી બધા દ્રવ્યો અશરણ–અધ્રુવ છે. આ માટે પંખીનું દૃષ્ટાંત આપતાં આચાર્યદેવ કહે છે કે : જેમ મધદરિયામાં વહાણ ઉપર બેઠેલા પંખીને તે વહાણ સિવાય બીજું કોઈ શરણ નથી, બીજો કોઈ આધાર નથી, એટલે આકાશમાં તે ગમે તેટલા ચક્કર લગાવે પણ અંતે તો થાકી થાકીને તે વહાણ ઉપર જ આવીને બેસે છે, વહાણ સિવાય બીજું કોઈ તેને શરણ કે આશ્રયરૂપ નથી. આકાશમાં ચક્કર લગાવે પણ ત્યાં તેને કોઈ આશ્રયસ્થાન નથી, આશ્રયસ્થાન તો એક વહાણ જ છે. નીચે ચારેકોર પાણી ને ઉપર આકાશ–તેમાં વહાણ સિવાય કોઈ જ શરણ નથી, એટલે બીજી ગતિનો નિરોધ કરીને તે વહાણ ઉપર જ આવીને બેસે છે. જરા ઊડે તો તે વહાણની આસપાસ જ ઊડે છે, વહાણનો આશ્રય છોડીને દૂર જતું નથી, ને અંતે તો વહાણ ઉપર જ આવીને બેસે છે. તેમ અહીં ભવસમુદ્રને તરવામાં મુમુક્ષુજીવ તે પંખી છે ને શુદ્ધાત્મા તે વહાણ છે...મુમુક્ષુની પરિણતિ ફરીફરીને શુદ્ધાત્મામાં એકાગ્ર થાય છે, કેમકે આ ભવસમુદ્રની મધ્યમાં મોક્ષને સાધવા માટે મુમુક્ષુને એક પોતાનો શુદ્ધાત્મા જ ધ્રુવ શરણરૂપ છે. બાકી બીજા બધા સંયોગરૂપ ભાવો અધ્રુવ અને અશરણ છે. મોક્ષના મુસાફર મુમુક્ષુને નિજ શુદ્ધાત્મારૂપી વહાણ સિવાય બીજું કોઈ શરણ નથી, બીજો કોઈ આધાર નથી. એટલે અસ્થિરતાથી કદાચ વિકલ્પ થાય ને બહિર્ભાવરૂપી ગગનમાં ઊડે તોપણ સ્વદ્રવ્યના જ અવલંબનની બુદ્ધિ હોવાથી અંતે તો પરિણતિ શુદ્ધાત્મામાં જ આવીને ઠરે છે, શુદ્ધાત્મા સિવાય બીજું કાંઈ શરણરૂપ કે આશ્રયરૂપ નથી. વિકલ્પ આવે તો તે આકાશમાં ચક્કર લગાવવા જેવા છે. તે આશ્રયરૂપ ભાસતા નથી, શુદ્ધાત્મા જ વહાણ જેવો આશ્રયરૂપ છે. આ રીતે મોક્ષને માટે બીજી ગતિનો નિરોધ હોવાથી મોક્ષાર્થીની પરિણતિ સ્વદ્રવ્યનું જ અવલંબન કરે છે.

## દિવાળીના....મંગલ....દીવડા

* ભેદજ્ઞાનવડે ઉદય પામેલું ચૈતન્યનું મંગલમય સોનેરી સુપ્રભાત આત્માને આનંદ પમાડે છે ને જ્ઞાનપ્રકાશ વડે મુક્તિમાર્ગને પ્રકાશિત કરે છે.
* શ્રી ગુરુ કહે છે – હે જીવો! અનાદિથી મોહમાં સૂતા...હવે તો જાગો! જાગવાનો આ અવસર આવ્યો છે...માટે જાગોને ચૈતન્યમય નિજપદને સંભાળો.
* આરાધક–ધર્માત્માના દર્શનથી મુમુક્ષુના હૃદયમાં જેવી આનંદની ઉર્મિ જાગે છે તેવી ઉર્મિ જગતના બીજા કોઈ પણ પદાર્થમાં જાગતી નથી.
* અપૂર્વ આત્મકલ્યાણની પ્રાપ્તિ તે સત્સંગનું ફળ છે. સત્સંગ નિજકલ્યાણ માટે છે, જગતને દેખાડવા માટે નથી. સાચા સત્સંગનું ફળ તત્કાળ આવે જ.
* ધર્મીને જોતાં એમ થાય છે કે વાહ! ધન્ય તમારો અવતાર! અતીન્દ્રિય આત્માને સ્વાનુભવમાં લઈને તમે આનંદરૂપ થયા છો, જિનેશ્વરના માર્ગમાં ભળ્યા છો.
* અશરીરી અતીન્દ્રિય આનંદમય ચૈતન્યજીવન જીવનારા સિદ્ધ ભગવંતો જગતને સન્દેશ આપે છે કે તમે પણ ભેદજ્ઞાન કરીને આવું આનંદમય ચૈતન્યજીવન જીવો.
* એકલું અનુમાન જેનું સ્વરૂપ નથી પણ પ્રત્યક્ષજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા આત્માને હે શિષ્ય! તું જાણ. રાગથી પાર થઈને અતીન્દ્રિયજ્ઞાન વડે આત્માને અનુભવમાં લે.
* કુંદકુંદસ્વામી કહે છે કે – હું સર્વજ્ઞપરમાત્મા સીમંધરનાથ પાસેથી આ સન્દેશ લાવ્યો છું, તે ઝીલીને તમે જ્ઞાનાનંદસ્વરૂપ આત્મામાં ઉપયોગને વાળો.
* સમ્યક્ જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપે આત્માનું પરિણમન તે પરિનિર્વાણનો પંથ છે. ભગવંતો આવા પંથે નિર્વાણ પામ્યા; હું પણ તે જ પંથે જાઉં છું.
* અંતર્સ્વભાવમાં સન્મુખતા કરાવીને મહાઆનંદનું વેદન કરાવનારો હિતોપદેશ જે સંતોએ આપ્યો, તે સંતોના ઉપકારને મુમુક્ષુજીવો ભૂલતા નથી.

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૫૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) : કારતક (૩૬૧)